# એજિયન અક્ષર

અંક - ૨

વર્ષ - ૨૦૧૧-'૧૨




ડૉ. સી.પી.પટેલ
પ્રિન્સીપાલ

સંપાદકો :
ડૉ. કૌશલબહેન યાદવ
ડૉ. રમેશ પટેલ
આસિ.પ્રોફેસર

**A.G.Teachers College**
Run By Ahmedabad Education Society
(Accredited "A" by NAAC-UGC)
Commerce Six road, Navrangpura, Ahmedabad-09
Phone No. : 079-26442451
Email :agteacherscollege1952@yahoo.com
Website : www.agteacherscollege.ac.in

## Teaching Staff



Dr. C.P.Patel
PRINCIPAL



Dr. B.R.Chaudhari



Dr.J.R.Dave



Dr. K.H.Yadav



Dr. S.L.Solanki



Dr. R.M.Patel



Dr. G.S.Patel

## Administrative Staff



Mr. H.J.Shah



Mrs. G.R.Parikh



Mr. M.P.Parmar

## Other Supporting Staff



Mrs. C.H.Patel




વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન
શ્રી યાજ્ઞિક સાહેબ



C.T.E. સેન્ટર દ્વારા આયોજિત મા.શા.ના આચાર્યોના
સેમિનારનું ઉદ્ઘાટન કરતાં જિલ્લા શિક્ષણાધિકારી
શ્રી આર.આઈ.પટેલ



વિદ્યાર્થી યુનિયનને શપથ લેવડાવતા
ડૉ. મોતીભાઈ પટેલ




યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થા વડા
શ્રી રાજેન્દ્રભાઈ શુક્લ



પ્રવાસ



પ્રવાસ




રમત-ગમત




રમત-ગમત

# એજિયન અક્ષર

## અંક - ૨

## વર્ષ - ૨૦૧૧-'૧૨

ડૉ. સી.પી.પટેલ
પ્રિન્સીપાલ

સંપાદકો :
ડૉ. કૌશલબહેન યાદવ
ડૉ. રમેશ પટેલ
આસિ. પ્રોફેસર

**એ.જી.ટીચર્સ કૉલેજ**
કોમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૦૯
ફોન : ૦૭૯-૨૬૪૪૨૪૫૧
Email :agteacherscollege1952@yahoo.com
Website : www.agteacherscollege.ac.in

# અનુક્રમણિકા


૧. શુભેચ્છા સંદેશ ૧
૨. સંપાદકીય... ૬
૩. આચાર્યના બે બોલ... ૮
૪. વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ ૯
૫. વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ ૧૦
૬. કૉલેજ સ્ટાફ ૧૧
૭. છેલ્લા પાંચ વર્ષની વિદ્યાર્થી માહિતી ૧૩
૮. ૨૦૧૦-'૧૧ના પુરસ્કર્તા ૧૪
૯. Event list ૧૫
૧૦. વર્ષ ૨૦૧૧-'૧૨ના તાલીમાર્થીઓ ૧૬
૧૧. શિક્ષકની પ્રતિબધ્ધતા : ડૉ. સી.પી.પટેલ ૨૭
૧૨. મોગલ સામ્રાજ્યની ભૂલાયેલી હસ્તી-બેગમ જીનત મહાલ : ડૉ. જ્યોતિ દવે ૨૯
૧૩. ઉર્જા સભાનતા : ડૉ. કૌશલબહેન યાદવ ૩૧
૧૪. શિક્ષકની અસરકારકતાને જવાબદાર પરિબળો : ડૉ. શામળભાઈ સોલંકી ૩૩
૧૫. વાંચનથી વિકાસ સુધી : ડૉ. રમેશ પટેલ ૩૭
૧૬. M-learning : ડૉ. જી.એસ.પટેલ ૩૯
૧૭. કાવ્ય વિભાગ..... ૪૦
પટેલ પ્રીતિ, દરજી અભિષેક
મન્સુરી ઉઝમા, અમિતસિંહ 'સફર'
દરજી પારૂલ, ચાવડા ડિમ્પલ
૧૮. વિદ્યાર્થીઓની કલમે..... ૪૩
શ્રીવાસ્તવ પ્રિયંકા, પંચાલ પ્રિયંકા
પરમાર વસંત, ઠાકર જયના
દરજી અભિષેક
૧૯. વાર્ષિક અહેવાલ ૪૯



सत्यमेव जयते

તા. ૧૦-૦૫-૨૦૧૨

## સંદેશ

શિક્ષણનો ઉજાસ જીવનમાંથી અંધકારને દૂર કરીને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારે છે. શિક્ષણ સાથે સંસ્કારના બીજોરોપણના કાર્ય દ્વારા શૈક્ષણિક સંસ્થા ઉત્તમ નાગરિકના ઘડતરની જવાબદારી અદા કરે છે. ગરીબી સામે લડવાનું સૌથી મોટું શસ્ત્ર એ શિક્ષણ છે. શિક્ષણ નોકરી મેળવવાના ઉદ્દેશ પુરતુ સિમીત ન હોવું જોઇએ ખરેખર તો તે જીવન ઘડતર રૂપ હોવું જોઇએ. જે માનવીને આગળ જતા સહાયરૂપ બને શિક્ષણ સમાજમાં રહેલી બદીઓને દૂર કરવાનું મહત્ત્વનું કાર્ય પણ કરે છે.

એ. જી. ટીચર્સ કોલેજ દ્વારા પ્રકાશિત થતું **એજિયન અક્ષર** ના મુખ્ય હેતુ વિશે જાણી આનંદ થયો. સંસ્થા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાનું ઉમદા કાર્ય કરી રહી છે. સંસ્થા આવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**સૌનો,**

(નરેન્દ્ર મોદી)

**નરેન્દ્ર મોદી**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

પ્રો. વસુબેન ત્રિવેદી

ક્રમાંક : રા.ક.મં. /ઉ. અને ટે. શિ., મ અને બા. / ૪૨૮૪ /૨૦૧૨
કચેરી : (૦૭૯) ૨૩૨૫૦૧૮૮, ૨૩૨૫૦૧૯૫, ૨૩૨૫૦૧૮૯ (ફેક્સ)
રાજ્ય કક્ષાના મંત્રી,
ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ
બ્લોક નં. ૨/સાતમો માળ, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તારીખ : 17 MAY 2012



## શુભેચ્છા સંદેશ

એ.જી. ટીચર્સ કોલેજ. દ્વારા "એજિયન અક્ષર" મેગેઝીન પ્રકાશિત થઇ રહ્યુ છે તે અભિનંદનીય છે.

આવતીકાલના સમર્થ ગુજરાતના નિર્માણ માટે બાળકોમાં સંસ્કાર સિંચન અર્થે પ્રશિક્ષિત થતાં વિદ્યાર્થીઓની સર્જનશિલતાને વાચા આપતું તેમજ સંસ્થાની ગતિવિધિઓનું પ્રતિબિંબ "એજિયન અક્ષર"ના પ્રકાશનં માટે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

સમર્થ નાગરિકોના શિલ્પીઓને સ્વર્ણિમ ગુજરાતના નિર્માણ માટે આહ્‌વાન કરૂ છું. હાર્દિક શુભેચ્છાઓ સહ.

(પ્રો. વસુબેન ત્રિવેદી)

બંગલા નં. ૫, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર
ફોન નં. : ૦૭૯-૨૩૨૩૨૪૫૩
*Website* : www.Prof Vasubentrivedi.com. *Email* :-mos-hiedu@gujarat.gov.in

Phone : 26440171,26426826

# THE AHMEDABAD EDUCATION SOCIETY

Nr. Commerce Six Road, Navrangpura, Ahmedabad : 380 009.

Sanjay S. Lalbhai
President
Sudhir U. Mehta
Vice - President

Shrenik Kasturbhai
Chairman, Governing Body
Naishadh Parikh
Hon. Secretary

રેફરન્સ નં. ૮૯ /૨૦૧૨
તા.૫ /૫/૨૦૧૨

## શુભેચ્છા સંદેશ

એ જાણીને મને આનંદ થાય છે કે એ. જી. ટીચર્સ કૉલેજ ધ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ "એજીયન અક્ષર" મેગેઝીન પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે. આ મેગેઝીનમાં કૉલેજના વિદ્યાર્થીઓ ધ્વારા લખેલા લેખો, કાવ્યો અને અધ્યાપકોએ લખેલા લેખોનો સમાવેશ કરાયેલ છે. આ મેગેઝીન મારફત વિદ્યાર્થીઓને પોતાની સુષુપ્ત શકિતઓ બહાર લાવવાની અને તેના કારણે વિદ્યાર્થીઓની બૌધ્ધિક શકિતઓનો તથા લેખન સ્વરૂપે કાર્યકુશળતાનો વિકાસ થાય તેવી આ પ્રવૃત્તિ નોંધનીય છે. અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થીઓ ભાગ લઈ પોતાનો વિકાસ કરી શકે અને તેને કારણે દેશને સારા નાગરિકો ઉપલબ્ધ થાય તેવી પ્રવૃત્તિને કૉલેજ કક્ષાએ સ્થાન મળે તે માટે આવું સાહિત્ય/મેગેઝીન પાયારૂપ સ્થાન ધરાવે છે.

મારા તથા અમદાવાદ એજયુકેશન સોસાયટી વતી એ.જી.ટીચર્સ કૉલેજ ધ્વારા "એજીયન અક્ષર" મેગેઝીન બહાર પાડવામાં આવી રહ્યું છે તે માટે અભિનંદન સાથે મારી શુભેચ્છા પાઠવું છું.

આભાર સહ

આપનો

(બી. એમ. શાહ)




**Dr. Mukul I. Shah**
Pro-Vice Chancellor
Gujarat University


NAAC Accredited B++(83.1%)

## શુભેચ્છા સંદેશ

ભારત આવનારા વર્ષોમા વૈશ્વિક મહાશક્તિ અને વિશ્વનુ પથદર્શક રાષ્ટ્ર બનવા જઈ રહ્યુ છે. ત્યારે આવનાર સમયમા આપણાં દરેક નાગરીક તેની બહુવિધ ક્ષમતા સાથે દરેક ક્ષેત્રમા નેતૃત્વ કરવા માટે યોગ્ય હોય. વિવિધ પ્રકારની સજ્જતા ધરાવવા સાથે ભારતના ભવ્ય ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને અનુરૂપ જ્ઞાન અને ભવ્ય મુલ્યોથી પણ સજ્જ હોય તે જરૂરી છે. આજનો યુવાન તે આવતીકાલનો નાગરીક છે. આથી યુવાનોમા પડેલી અનેક રચનાત્મક તેમજ સર્જનાત્મક શક્તિઓને જાણી-પીછાણી અને બહાર લાવવા વિશાળ ફલક મળવુ જોઈએ.

એ. જી. ટીચર્સ કોલેજ તેમના ભાવિ શિક્ષકો એવા તેમના વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક દર્શાવતો વાર્ષિક અંક 'સંજીવન અક્ષર' પ્રકાશિત થવા જઈ રહ્યો છે તે આનંદની વાત છે.

કોલેજના આચાર્યશ્રી, સંચાલકો તથા આ આયોજનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલ દરેકને અભિનંદન. તેમજ પ્રકાશિત થનાર સોવેનિયરની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવુ છુ.

M. I. Shah

ડૉ. મુકુલ આઈ. શાહ
ઉપ કુલપતિ
ગુજરાત યુનિવર્સિટી




Navrangpura, Ahmedabad 380 009. (India)
Phone : (079) 2630 3444 | Fax : (079) 2630 8686
E-mail : drmukulshah11@gmail.com
Website : www.gujaratuniversity.org.in



ડૉ. એ. જી. કાછીઆ,
પ્રિન્સિપાલ,
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા
કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ.

## શુભેચ્છા સંદેશ

આપની સંસ્થા દ્વારા વર્ષની શૈક્ષણિક તેમજ સહઅભ્યાસની પ્રવૃત્તિઓને સમાવતો 'એજિયન અક્ષર' અંક પ્રસિદ્ધ કરવાનો વિચાર જાણી આનંદ થયો. પ્રસિદ્ધ અંક દ્વારા અનેકવિધ સંસ્થાઓને ભાવિ માર્ગદર્શન મળી રહેશે તેવી મને શ્રદ્ધા છે.

એ. જી. ટીચર્સ કૉલેજ અમદાવાદ શહેરની અતિ પુરાણી એક પ્રતિષ્ઠિત તાલીમી સંસ્થા છે, ભાવિ સમાજના ઘડતરનો દોર જેના હાથમાં છે તેવા શિક્ષકોને તાલીમ આપી સમાજ સેવા માટે તૈયાર કરવાનું ઉમદા કાર્ય બજાવી રહી છે. આપની સંસ્થા દ્વારા બી. એડ.ના તાલીમાર્થીઓને અધ્યાપન કાર્ય ઉપરાંત સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં કાર્યરત રાખીને તેઓના સર્વાંગી વિકાસ માટેની તક ઊભી કરવાના પ્રયત્નો કરવામાં આવે છે તે એક ગર્વની બાબત છે.

આગામી વર્ષમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આપની સંસ્થા સમાજમાં ઉત્તમ નાગરિકો તૈયાર કરવામાં પથદર્શક બની આદર્શ સંસ્થાનુ પ્રતિબિંબ ખડું કરે તેવો મને વિશ્વાસ છે. સંસ્થા આવનાર દિવસોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તે માટે અંતરની શુભેચ્છાઓ.

આ પ્રસંગે કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને 'એજિયન અક્ષર' અંક પ્રસિદ્ધ કરવા માટે પ્રેરણાના પિયુષ પીવડાનાર સંસ્થાના પ્રાચાર્ય ડૉ. સી. પી. પટેલને અભિનંદન પાઠવું છું.

(ડૉ. એ. જી. કાછીઆ)
ડિનશ્રી,
શિક્ષણ વિદ્યાશાખા,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.



## • સંપાદકીય... •



### જમણા અને ડાબા હાથ વચ્ચે તફાવત શા માટે ?

મારા જમણા અને ડાબા બંને હાથનું બ્લડગ્રુપ એક જ છે. મારા જમણા હાથે ઈજા થાય કે ડાબા, બંને હાથમાં સરખી જ પીડા થાય છે. હું જમણા હાથે પાંચસો રૂપિયાની નોટ સ્વીકારું (કે આપું) અથવા ડાબા હાથે, બંને પરિસ્થિતિમાં પાંચસો રૂપિયાનું મૂલ્ય સમાન જ રહે છે. હું મારા જમણા હાથે હિંસા કરું કે ડાબા, બંને સંજોગોમાં પાપ તો મને જ લાગે છે. હું જમણા હાથે મીઠાઈ ખાઉં કે ડાબા હાથે, મીઠાઈના સ્વાદમાં કશો ફરક પડતો નથી. હું જમણા હાથે ઘડિયાળ બાંધું કે ડાબા, ઘડિયાળ તો એ જ સમય બતાવે છે. મારા શરીરમાં ખંજવાળ આવે ત્યારે શું મારા જમણા હાથે ત્યાં ખંજવાળું કે ડાબા હાથે ખંજવાળું, મને સરખી જ રાહત મળે છે. બંને હાથની લંબાઈ, રંગ, આકાર સમાન છે. બંને હાથના પંજામાં એક સરખી આંગળીઓ છે.

તો પછી ભગવાનની મૂર્તિ-છબીની પૂજા કરવાની હોય ત્યારે શા માટે જમણા હાથે જ પૂજા કરવાનો આગ્રહ રખાય છે ?

તો પછી પ્રસાદ લેવાનો કે આપવાનો હોય ત્યારે પણ શા માટે માત્ર જમણા હાથનો જ આગ્રહ રખાય છે...?

ડાબા હાથને બિચારાને પારકો, પાપી, ઓશિયાળો અને અપવિત્ર માનવાના ભ્રષ્ટ ખ્યાલો કોણે આપણા ચિત્તમાં ભરી દીધા છે ? શુભ કાર્ય કરવાનો હક માત્ર જમણા હાથને જ, એવું કોણે નક્કી કરી નાખ્યું ? દાન-પુણ્ય કે સેવા-પૂજા ડાબા હાથે કરીએ તો શું આસમાન ફાટી જાય ? જે વ્યક્તિએ સૌ પ્રથમ આ ભ્રાંતિ ફેલાવી કે ડાબો હાથ અપવિત્ર છે એણે કેમ પોતાનો ડાબો હાથ (એટલે કે એનો પાપી અને અપવિત્ર હાથ) કાપીને ફેંકી ના દીધો ? ડાબા હાથની સેવા તો લેવી જ છે, પરંતુ એને બદનામ કરવો છે. ડાબા હાથ પાસેથી કામ તો કરાવવું જ છે, પણ એને હડધૂત કરીને !

આ સજ્જનનું કામ નથી. આ સમજુ માણસનું ચિંતન નથી. આ આધ્યાત્મિક માણસનું દર્શન નથી.

એ વાત અલગ છે કે વ્યક્તિને ક્યા હાથે કામ કરવાનું વધુ માફક આવે છે. સંસારમાં ઘણા લોકોને જમણા હાથે જ કાંઈ પણ કામ કરવાનું ફાવે છે, તો કેટલાકને ડાબા હાથે ફાવે છે. ખાવું-પીવું, કોઈ વસ્તુ પકડવી, કોઈ વજન ઊંચકવું, ફાઈટીંગ કરવી દરેક કામ માટે દરેક વ્યક્તિને પોતાના કોઈ એક હાથની ફાવટ હોય છે. એ જો એની ફાવટવાળા હાથે કામ કરે તો જ કરી શકે, બીજા હાથે કામ કરવામાં તકલીફ પડે અને મજા પણ ન આવે.

મેં અનેક વખત માર્ક કર્યું છે કે બાળક મોટે ભાગે ડાબા હાથ વડે જ કામ કરવાનો પ્રારંભ કરે છે. એ કોઈ વસ્તુ પકડવા જશે કે જાતે કંઈક ખાવું હશે તો ડાબા હાથે જ પ્રયત્ન કરશે. એના હાથમાં પેન-પેન્સિલ કે ચોક આવશે તો જનરલી ડાબા હાથ વડે જ લખવાનો (એટલે કે લીટા કરવાનો) પ્રયાસ કરશે. એ વખતે આપણે એને અટકાવીએ છીએ, સમજાવીએ છીએ કે બેટા ! આ હાથે નહીં ખાવાનું, પેલા હાથે ખાવાનું ! આ હાથે નહીં લખવાનું પેલા હાથે લખવાનું ! ધીરે ધીરે બાળક જમણા હાથે કામ કરવા ટેવાઈ જાય છે. ડાબા હાથ પ્રત્યે

ઉપેક્ષાવૃત્તિ કેળવવા લાગે છે.

આપણે કારણ વગરની અને અર્થ વગરની ભ્રાંતિઓ તરફ શા માટે બાળકને વાળીએ છીએ ? બાળક ક્યારેક સામો પ્રશ્ન કરે છે કે, ડાબા હાથે કેમ નહીં ખાવાનું ? ડાબા હાથે કેમ નહીં લખવાનું ? આપણે એનો પરફેક્ટ તાર્કિક જવાબ પણ આપી શકતા નથી.

બસ, પરંપરા છે. બધા એવું કહે છે અને કરે છે. વર્ષોથી એમ ચાલતું આવ્યું છે. કોઈ વળી દોઢડાહ્યા થઈને કહેશે કે, શાસ્ત્રોમાં એવું લખ્યું છે. 'ક્યા શાસ્ત્રમાં લખ્યું છે ?' આ પ્રશ્નનો જવાબ એની પાસે નથી હોતો. મારો એક બીજો પણ અનુભવ રહ્યો છે કે કોઈ માણસને ધાર્મિક અજ્ઞાન છુપાવવું હોય, પોતાની ભૂલો-ભ્રાંતિઓનો લૂલો બચાવ કરવો હશે ત્યારે એ શાસ્ત્રોનું નામ લેશે. શાસ્ત્રોની દુહાઈ આપશે. એ જ રીતે જેણે ધર્મના નામે જુઠાણાં ફેલાવવાં છે, ખોટેખોટાં દંભી વિધાનોનો પ્રચાર કરવો છે એ લોકો પણ 'શાસ્ત્રોમાં આમ કહ્યું છે' અને 'શાસ્ત્રોમાં આમ કરવાનો નિષેધ છે' એવા ગપગોળા ગબડાવતા રહે છે. આપણે ત્યાં ધાર્મિક ક્ષેત્રની એ બલિહારી છે કે એમાં કશા પુરાવા આપવા પડતા નથી. કોઈ તાર્કિકતા અનિવાર્ય નથી. ઉલટાનું જેટલા ગપગોળા ઊંચા-ઊંચા ફેંકશો, ચમત્કારની પાયા વગરની વાતો કરશો એટલા તમે જ્ઞાની, પૂજ્ય, પુણ્યાત્મા કે મહાત્મા બની જશો. શાસ્ત્રોના નામે ફેલાયેલાં જૂઠાણાની સાચી ભાળ મળે તો ઘણા ગ્રંથો દરિયામાં પધરાવી દેવા પડે અને ઘણા ગુરુઓને જેલ ભેગા કરવા પડે.

પરંતુ આવું કશું આપણા દેશમાં કદીય થવાનું નથી. માટે હે પાખંડીઓ, ડોન્ટ વરી. તમારા માટે તો અહીં પર્મનન્ટ છે - નો પ્રોબ્લેમ !

***(સમણું, માર્ચ-૨૦૧૨માંથી)***

**- ડૉ. કૌશલબહેન યાદવ**
**- ડૉ. રમેશ પટેલ**

## • આચાર્યના બે બોલ... •



'એજિયન અક્ષર'નો આ બીજો અંક બહાર પડી રહ્યો છે ત્યારે હું હર્ષની લાગણી અનુભવી રહ્યો છું. આ અંક તૈયાર કરવામાં ડૉ. કૌશલબહેન અને ડૉ. રમેશભાઈએ સારી એવી જહેમત ઊઠાવી તે બદલ બન્ને અધ્યાપકોને અભિનંદન. આ મેગેઝિન તૈયાર કરવા માટે માર્ગદર્શન આપનાર કૉલેજના અન્ય અધ્યાપકોનો પણ આભારી છું.

મેગેઝિનને આર્થિક સહયોગ આપનાર એજ્યુકેશન સોસાયટી તેમજ કૉલેજના વિદ્યાર્થીઓનો ખૂબ-ખૂબ આભાર..

આ ભગિરથ કાર્યમાં મદદરૂપ થનાર જી.એસ. અભિષેક દરજી અને બહેનશ્રી જયનાએ લેખો, વિદ્યાર્થીઓની માહિતી વગેરે એકત્ર કરવામાં મદદ કરી તે બદલ તથા કૉલેજના વહિવટી સ્ટાફનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

સૌ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા...

-ડૉ. સી.પી.પટેલ

(આચાર્ય)

# STUDENTS UNION 2011-'12

Dr. C.P.Patel



**Chairman**

Abhishek Darji



G.S.

Shweta Singhal



L.R.

Dr. K.H.Yadav



**Vice Chairman**

Nilesh Gamit



Sunitha N.



Kaushal Prajapati



Himanshu Borisagar



Farhinbanu Qureshi



Amitsinh Bihola



Preeti Patel



Jignesh Jadav



Himani Soni



Krunal Thakkar



Jamdude Ashvini



Hemang Joshi



# STUDENTS UNION 2011-'12

**Chairman : Drp C.P.Patel**
**Vice Chairman : K.H.Yadav**
**G.S. : Abhishek Darji**
**L.R. : Shweta Sighal**

| Sr. No. | Task | Prof.Incharge | Student union member |
|---|---|---|---|
| 1 | Assembly | Dr. S.L.Solanki | Nilesh Gamit |
| 2 | CWDC | Dr. K.H.Yadav | Sunitha N. |
| 3 | Edu.Visit | Dr. K.H.Yadav<br>Dr.R.M.Patel | Kaushal Prajapati<br>Himanshu Borisagar |

**Distribution as per Dharas**

| | | | |
|---|---|---|---|
| 1 | Cognition | Dr. J.R.Dave | Sunitha N.<br>Farhinbanu Qureshi |
| 2 | Creativity | Dr. K.H.Yadav | Abhishek Darji<br>Amitsinh Bihola |
| 3 | Art & Craft | Dr. K.H.Yadav | Himani Soni<br>Preeti Patel |
| 4 | Drama | Dr. R.M.Patel | Nilesh Gamit<br>Jignesh Jadav |
| 5 | Geet-Sagit-Nritya | Dr. S.L.Solanki | Jamdade Ashvini<br>Shweta Singhal<br>Himanshu Borisagar |
| 6 | Yoga & Sports | Dr. R.M.Patel<br>Dr. J.R.Dave | Krunal Thakkar<br>Kaushal Prajapati |
| 7 | Social service | Dr. B.R.Chaudhary | Hemang Joshi<br>Jignesh Jadav |

# કૉલેજ શૈક્ષણિક સ્ટાફ

| ક્રમ | નામ | હોદ્દો | આ કૉલેજમાં જોડાયા તારીખ | સરનામું |
| --- | --- | --- | --- | --- |
| ૧. | ડૉ. સી.પી.પટેલ | પ્રિન્સીપાલ | ૦૧/૦૬/૨૦૦૨ | બી/૬, પુરોહિત પાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર. ફોન : ૦૨૬૯૨-૨૩૧૮૯૦ મો. ૯૪૨૮૪૯૧૫૧૭ |
| ૨. | ડૉ. બી.આર. ચૌધરી | એસો. પ્રોફેસર | ૦૧/૧૦/૧૯૮૧ | બી/૬, શિવાલિક બંગ્લોઝ, રતનપુરા ગામની સામે, વસ્ત્રાલ રોડ, અમદાવાદ-૩૮૨૪૧૮ ફોન : ૦૭૯-૨૯૨૯૨૯૧૩ મો. ૯૮૨૪૧૪૨૯૨૨ |
| ૩. | ડૉ. જે.આર. દવે | એસો. પ્રોફેસર | ૨૭/૦૮/૧૯૯૦ | ૨૩, હિન્દુ કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૦૯ ફોન : ૦૭૯-૨૬૪૬૮૮૧૧ |
| ૪. | ડૉ. કે. એચ. યાદવ | આસિ. પ્રોફેસર | ૩૦/૦૮/૧૯૯૭ | ૮, મહાવીરનગર સોસાયટી, વસ્ત્રાપુર, અમદાવાદ-૦૯ મો. ૯૩૭૭૩૩૩૩૦૨ |
| ૫. | ડૉ. એસ.એલ.સોલંકી | આસિ. પ્રોફેસર | ૧૧/૦૯/૧૯૯૭ | બી/૧૫, ડુપ્લેક્ષ શુકન બંગ્લોઝ, ૮૦ ફૂટ ચાણક્યપુરી રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ મો. ૯૯૨૪૦૫૦૫૯૧ |
| ૬. | ડૉ. આર.એમ.પટેલ | આસિ. પ્રોફેસર | ૦૧/૦૮/૨૦૦૩ | ઈ-૩૦૪, નીલકંઠ પાર્ક, સેન્ટ ઝેવિયર્સ લોયેલા સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૫૨ ફોન : ૦૭૯-૨૭૯૧૨૭૮૯ મો. ૯૪૨૮૧૨૧૨૯૧ |
| ૭. | ડૉ. જી.એસ.પટેલ | અધ્યાપક સહાયક | ૦૨/૦૪/૨૦૧૨ | બ્લોક-૭૭/૫ 'ચ' ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર મો. ૮૨૩૮૦૩૮૬૯૬ |

## કૉલેજ વહીવટી સ્ટાફ

| ક્રમ | નામ | હોદ્દો | આ કૉલેજમાં જોડાયા તારીખ | સરનામું |
|---|---|---|---|---|
| ૧. | શ્રી એચ.જે.શાહ | સિનિયર ક્લાર્ક | ૦૧/૦૪/૧૯૯૭ | ૧૪, આશના એપાર્ટમેન્ટ, લાડ સોસાયટી પાસે, દેવાણી ફ્લેટની સામે, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫<br>ફોન : ૦૭૯-૨૬૭૬૫૭૧૦<br>મો. ૯૮૨૫૯૪૦૪૧૨ |
| ૨. | શ્રીમતી જી.આર.પરીખ | જુનિયર ક્લાર્ક | ૨૩/૦૩/૧૯૯૬ | ૧૩, ન્યુ પરમેશ્વર પાર્ક સોસાયટી, ન્યુ સિવિલ હોસ્પીટલની પાછળ, અસારવા, અમદાવાદ-૧૬<br>ફોન : ૦૭૯-૨૨૬૮૪૭૪૪<br>મો. ૯૪૨૬૪૩૩૨૮૩ |
| ૩. | શ્રી એમ.પી.પરમાર | જુનિયર ક્લાર્ક | ૦૧/૦૮/૧૯૯૭ | એ/૪, આસોપાલવ સોસાયટી, કાલીકુંડ, ધોળકા, જિ. અમદાવાદ<br>મો. ૯૭૨૫૮૪૦૯૨૨ |

## અન્ય મદદનીશ સ્ટાફ

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | શ્રીમતી સી.એચ.પટેલ | પટાવાળા | ૦૭/૦૨/૧૯૯૨ | ઠાકોર વાસ, સ્ટેટ બેન્કની પાસે, મેમનગર, અમદાવાદ-૫૨<br>મો. ૯૯૯૮૬૭૪૭૦૬ (પી.પી.) |

## છેલ્લા પાંચ વર્ષનું પરિણામ

| વિગત | ૨૦૦૬-'૦૭ | ૨૦૦૭-'૦૮ | ૨૦૦૮-'૦૯ | ૨૦૦૯-'૧૦ | ૨૦૧૦-'૧૧ |
|---|---|---|---|---|---|
| ડિસ્ટી. | ૭૯ | ૫૯ | ૬૨ | ૮૧ | ૭૯ |
| ફર્સ્ટ ક્લાસ | ૧૪ | ૨૨ | ૧૭ | ૦૯ | ૦૭ |
| સેકન્ડ ક્લાસ | ૦૪ | ૧૨ | ૦૮ | ૦૧ | ૦૨ |
| પાસ ક્લાસ | - | ૦૧ | ૦૨ | - | - |
| ટોટલ | ૯૭ | ૯૪ | ૮૯ | ૯૧ | ૮૮ |
| ટકા | 100% | 100% | ૯૭.૮૦% | 100% | 100% |

## છેલ્લા પાંચ વર્ષની વિષય પ્રમાણે સંખ્યા

| વિષયો | ૨૦૦૬-'૦૭ | ૨૦૦૭-'૦૮ | ૨૦૦૮-'૦૯ | ૨૦૦૯-'૧૦ | ૨૦૧૦-'૧૧ |
|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૩૪ | ૨૮ | ૩૩ | ૩૨ | ૨૫ |
| સા.વિજ્ઞાન | ૨૮ | ૩૨ | ૩૪ | ૪૩ | ૩૮ |
| અંગ્રેજી | ૧૨ | ૧૩ | ૧૩ | ૧૧ | ૧૩ |
| ગણિત | ૩૨ | ૨૯ | ૨૨ | ૨૧ | ૨૨ |
| વિજ્ઞાન | ૨૪ | ૨૬ | ૨૬ | ૨૧ | ૨૨ |
| કમ્પ્યુટર | ૦૮ | ૨૮ | ૦૩ | ૦૦ | - |
| એકાઉન્ટ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ |
| વા.વ્યવસ્થા | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ |

## છેલ્લા પાંચ વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા

| | ૨૦૦૬-'૦૭ | | ૨૦૦૭-'૦૮ | | ૨૦૦૮-'૦૯ | | ૨૦૦૯-'૧૦ | | ૨૦૧૦-'૧૧ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બહેનો | ભાઈઓ | બહેનો | ભાઈઓ | બહેનો | ભાઈઓ | બહેનો | ભાઈઓ | બહેનો | ભાઈઓ | બહેનો | ભાઈઓ |
| એસ.સી. | ૦૬ | ૦૩ | ૦૭ | ૦૩ | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૬ | ૦૭ | ૦૨ | ૨૮ | ૧૮ |
| કુલ | ૦૯ | | ૧૦ | | ૧૧ | | ૦૭ | | ૦૯ | | ૪૬ | |
| એસ.ટી. | ૦૭ | ૦૮ | ૦૭ | ૦૬ | ૦૫ | ૦૫ | ૦૪ | ૦૭ | ૦૪ | ૦૬ | ૨૭ | ૩૨ |
| કુલ | ૧૫ | | ૧૩ | | ૧૦ | | ૧૧ | | ૧૦ | | ૫૯ | |
| બક્ષીપંચ | ૧૧ | ૧૭ | ૦૯ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૭ | ૧૨ | ૨૦ | ૦૪ | ૬૯ | ૫૭ |
| કુલ | ૨૮ | | ૨૧ | | ૨૪ | | ૨૯ | | ૨૪ | | ૧૨૬ | |
| અન્ય | ૨૭ | ૧૮ | ૪૦ | ૧૨ | ૩૬ | ૦૭ | ૪૧ | ૦૪ | ૩૪ | ૧૧ | ૧૭૮ | ૫૨ |
| કુલ | ૪૫ | | ૫૨ | | ૪૩ | | ૪૫ | | ૪૫ | | ૨૩૦ | |
| કુલ | ૫૧ | ૪૬ | ૬૩ | ૩૩ | ૬૦ | ૨૮ | ૬૩ | ૨૯ | ૬૫ | ૨૩ | ૩૦૨ | ૧૫૯ |
| ટોટલ | ૯૭ | | ૯૬ | | ૮૮ | | ૯૨ | | ૮૮ | | ૪૬૧ | |

## ● કૉલેજમાં સમગ્ર રીતે પ્રથમ ●

(૧) ભાઈઓમાં પ્રથમ : પટેલ રજનીકાન્ત એમ.
(નોબલ ફાઉન્ડેશન તરફથી)

(૨) બહેનોમાં પ્રથમ : શાહ ચૈતાલી બી.
(મમતા કન્સ્ટ્રક્શન તરફથી)

## ● બી.એડ્. પાર્ટ-૨માં વિષયવાર પ્રથમ આવનાર ●

(૧) ગુજરાતી : ઓઝા વિધિ એન.
(હફસા મહેમુદ ટોપીવાળા તરફથી)

(૨) અંગ્રેજી : કુરેશી રહેમતબીબી જી.
(જે.જે.ફેમીલી ટ્રસ્ટ તરફથી)

(૩) સા. વિજ્ઞાન : ઓઝા વિધિ એન.
(કેશવલાલ શીવલાલ પટેલ તરફથી)

(૪) ગણિત : પટેલ રજનીકાન્ત એમ.
(ઓલ ઈન્ડિયા ગણિત ટીચર્સ એસો. તરફથી)

(૫) વિજ્ઞાન : પટેલ રજનીકાન્ત એમ./વ્યાસ મયંક એમ.
(નોબલ ફાઉન્ડેશન તરફથી)

(૬) એકાઉન્ટ : ગુર્જર મુકેશકુમાર બી./શાહ ચૈતાલી બી.
(જે.જે.ફેમીલી ટ્રસ્ટ તરફથી)

(૭) કોમર્સ : સુથાર વર્ષા એમ.

# Event list

| તારીખ | કાર્યક્રમ | ધારા |
| --- | --- | --- |
| ૦૬/૦૭/૧૧ | લોકડાયરો | ગીત-સંગીત |
| ૧૫/૦૭/૧૧ | ગુરૂ પૂર્ણિમા | સર્જનાત્મક |
| ૨૦/૦૭/૧૧ | શિવામ્બુ ચિકિત્સા | જ્ઞાનધારા |
| ૧૨/૦૮/૧૧ | દેશભક્તિ કાર્યક્રમ | ગીત-સંગીત |
| ૧૫/૦૮/૧૧ | વર્તમાન સમસ્યાઓ | નાટ્યધારા |
| ૦૮/૦૯/૧૧ | માનસિક સ્વાસ્થ્ય સપ્તાહ | સામુદાયિક સેવાધારા |
| ૦૩/૧૦/૧૧ | રાસ-ગરબા | નૃત્યધારા |
| ૦૪/૧૦/૧૧ | અવકાશી વિજ્ઞાન કાર્યક્રમ | જ્ઞાનધારા |
| ૦૫/૧૦/૧૧ | ગાંધી જયંતી (ડોક્યુમેટરી ફિલ્મ) | સામુદાયિક સેવાધારા |
| ૧૬/૧૨/૧૧ | ફિલ્મ ગીત કાર્યક્રમ | ગીત-સંગીતધારા |
| ૨૬/૧૨/૧૧ | જીવનમાં ગીતાની ઉપયોગીતા | જ્ઞાનધારા |
| ૨૯/૧૨/૧૧ | પ્રવાસ (પોળોની નગરી) | સામુદાયિક સેવાધારા |
| ૦૨/૦૧/૧૨ | ફરતુ માનાંક -ફરતુ કમ્પ્યૂટર | જ્ઞાનધારા |
| ૦૯/૦૧/૧૨ | નિબંધ લેખન - ડિબેટ સ્પર્ધા | જ્ઞાનધારા |
| ૧૨/૦૧/૧૨ | વિશ્વ બંધુત્વ દિવસ | જ્ઞાનધારા |
| ૨૩/૦૨/૧૨ | માનવ અધિકાર કાર્યક્રમ | સામાજિકધારા |
| ૦૫/૦૩/૧૨ | ક્વિઝ-સ્પર્ધા | જ્ઞાનધારા |
| ૦૬/૦૩/૧૨ | મહેંદી સ્પર્ધા | રંગ-કલા-કૌશલ્યધારા |
| ૧૦/૦૩/૧૨ | જૂથ-ચર્ચા | જ્ઞાનધારા |
| ૧૩/૦૩/૧૨ | રવીન્દ્રનાથ ટાગોર લિખિત નાટકો | નાટ્યધારા |
| ૨૬/૦૩/૧૨ | IL & FS Education and Technology | ઉદ્દિશા |
| ૨૬/૦૩/૧૨ | TET & TAT | ઉદ્દિશા |
| માર્ચ -૧૨ | ગઝલપઠન | સર્જનાત્મકધારા |
| ૦૨/૦૪/૧૨ | શારદા એજ્યુ. ટ્રસ્ટ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ | ઉદ્દિશા |

# વર્ષ ૨૦૧૧-'૧૨ ના તાલીમાર્થીઓ

**રોલ નં ૧**
**બિહોલા અમિતસિંહ એચ.**



અમરાઈવાડી, અમદાવાદ-૨૬
મો. ૯૭૩૭૨૬૪૫૮૩
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૬ %
એમ.એ. (ગુજરાતી) ૫૪ %

**રોલ નં ૨**
**ચાવડા ડિમ્પલ ડી.**



વેજલપુર, અમદાવાદ
મો. ૯૪૨૬૪૪૮૩૪૩
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૦.૩૦ %
એમ.એ. (ગુજરાતી) ૬૩.૯૦ %

**રોલ નં ૩**
**દરજી અભિષેક બી.**



ગાંધીનગર
મો. ૮૪૦૧૨૭૫૭૭૩
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૭૨ %
એમ.એ. (ગુજરાતી) ૫૮ %
એમ.ફીલ ૭૦ %

**રોલ નં ૪**
**કિશોરી સમીલા**



મુ.પો. ડુંગરી, જિ. દાહોદ
મો. ૮૭૫૮૪૨૧૮૭૮
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૪.૧૧ %
એમ.એ. (ગુજરાતી) ૫૬.૨૫ %

**રોલ નં ૫**
**કોળી ભુપેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ**



મુ. મોતીપુરા, જિ. વડોદરા
મો. ૯૬૮૭૫૦૯૬૭૭
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૦ %

**રોલ નં ૭**
**જાની જલ્પા કે.**



ઘોડાસર, અમદાવાદ-૫૮
મો. ૯૭૨૫૧૬૬૬૭૦
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૪ %
એમ.એ. (ગુજરાતી) ૫૦.૮૭ %

**રોલ નં ૮**
**જાંબુકિયા ભરત સી.**



મુ. ધંધુકા
મો. ૯૮૨૪૯૧૪૫૭૬
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૫૫.૨૩ %
એમ.એ. (ગુજરાતી) ૪૦.૫૦ %

**રોલ નં ૧૦**
**પરમાર વસંત એ.**



સાણંદ, જિ. અમદાવાદ
મો. ૮૮૬૬૭૦૭૨૭૧
માધ્યમ : ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૫૮ %
એમ.એ. (ગુજરાતી) ૫૧ %
એમ.ફીલ. (ગુજરાતી) ૫૫ %

**રોલ નં ૧૧**
**પટેલ કાજલ અ**



બાપુનગર, અમદાવાદ-૩૮૨૩૫૦
મો. ૯૧૭૩૮૭૬૨૮૭
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ગુજરાતી) ૬૧ %
એમ.એ. (ગુજરાતી) ૫૧ %

**રોલ નં ૧૨**
**રાઠવા કલ્પેશભાઈ જી.**



મુ. ખોડીવલ્લી, જિ. વડોદરા
મો. ૯૫૭૪૬૨૫૭૪૧
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ગુજરાતી) ૬૩ %

**રોલ નં ૧૩**
**ચાવડા જ્યોતિ જી.**



જુના વાડજ, અમદાવાદ-૧૩
મો. ૯૦૯૯૮૨૬૭૬૫
માધ્યમ :ગુજરાતી
બી.એ.(રાજ્યશાસ્ત્ર) ૬૭ %
એમ.એ. (રાજ્યશાસ્ત્ર ) ૫૫ %

**રોલ નં ૧૪**
**દેસાઈ વિક્રમ એચ.**



મુ.ગોઝારિયા, જિ. મહેસાણા
મો. ૯૬૩૮૭૪૮૪૩૯
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ભૂગોળ) ૬૧ %
એમ.એ. (ભૂગોળ)૪૫ %

**રોલ નં ૧૫**
**કિશોરી રાકેશભાઈ**



મુ.ચાટકા, જિ. દાહોદ
મો. ૮૭૫૮૫૦૩૬૭૨
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ઈતિહાસ) ૫૬ %

**રોલ નં ૧૬**
**પંચાલ નિરલ ડી.**



રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦
મો. ૯૬૦૧૩૬૬૩૨૧,
૯૯૦૪૬૨૪૬૫૬
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ઈતિહાસ) ૫૯.૪૪ %
એલ.એલ.બી. ૬૨.૧૧ %

**રોલ નં ૧૭**
**પંડયા મેઘા કમલેશકુમાર**



બોપલ, અમદાવાદ
મો. ૯૯૯૮૬૯૯૯૮૭
માધ્યમ :ગુજરાતી
બી.એ.(હોમ સાયન્સ) ૬૪ %
એમ.એ. (હોમ સાયન્સ) ૬૫%

**રોલ નં ૧૮**
**પટેલ જીજ્ઞાશા બી.**



બાપુનગર, અમદાવાદ
મો. ૯૯૨૪૦૯૦૦૬૨
માધ્યમ :ગુજરાતી
બી.એ.(રાજ્યશાસ્ત્ર) ૭૧ %
એમ.એ. (રાજ્યશાસ્ત્ર) ૫૯ %

### રોલ નં ૧૯
### પટેલ મહેશકુમાર કે.



મુ. ધાનેરા, જિ. બનાસકાંઠા
મો. ૯૪૨૬૨૪૨૬૮૦
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ભૂગોળ) ૭૦ %
એમ.એ. (ભૂગોળ) ૫૫ %

### રોલ નં ૨૧
### વાઘેલા કુમુદચંદ્ર એન.



ગાંધીનગર-૩૮૨૦૦૬
મો. ૯૭૩૭૧૯૮૫૩૩
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ભૂગોળ) ૬૧.૭૨ %
એમ.એ. (ભૂગોળ) ૪૫ %

### રોલ નં ૨૨
### ચુડાસમા કોમલ કે.



સોલા રોડ, અમદાવાદ-૬૧
મો. ૯૬૬૨૨૧૬૩૮૫
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૦ %
એમ.એ. (અંગ્રેજી) ૪૫ %

### રોલ નં ૨૪
### ગામીત નિલેશ વી.



મુ. નિશાણા, જિ. તાપી
મો. ૯૫૮૬૪૪૭૮૦૬
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૫૧.૨૮ %

### રોલ નં ૨૫
### જાદવ જીગ્નેશકુમાર પી.



ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૯૭૨૪૨૫૦૩૨૮
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૪ %

### રોલ નં ૨૬
### પરમાર વૃંદા એન.



ઈસનપુર, અમદાવાદ
મો. ૯૦૯૯૨૧૩૯૬૮
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૧.૬૬ %
એમ.એ.(અંગ્રેજી) ૪૭.૦૫ %

### રોલ નં ૨૮
### પ્રજાપતિ વૈશાલી એમ.



અમરાઈવાડી, અમદાવાદ-૨૬
મો. ૯૭૨૫૬૦૫૭૬૮
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૫૧.૭૭ %

### રોલ નં ૨૯
### કુરેશી ફરીનબાનુ જી.



મિરઝાપુર, અમદાવાદ-૦૧
મો. ૯૯૦૪૫૧૧૨૧૯
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૭૨ %
એમ.એ. (અંગ્રેજી) ૬૭ %

**રોલ નં ૩૦**
**શ્રીવાસ્તવ પ્રિયંકા એસ.**



બાપુનગર, અમદાવાદ-૨૪
મો. ૯૭૨૩૧૧૭૧૩૦
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૧ %
એમ.એ. (અંગ્રેજી) ૫૦%

**રોલ નં ૩૧**
**ઠાકર જયના એમ.**



સાબરમતી, અમદાવાદ
મો. ૮૦૦૦૦૯૫૭૫૦
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૭%
એમ.એ. (અંગ્રેજી) ૫૮%

**રોલ નં ૩૨**
**વણિયર ગોમથી એસ.**



રામોલ, અમદાવાદ
મો. ૯૯૨૪૦૭૦૭૧૭
માધ્યમ :અંગ્રેજી
બી.એ.(અંગ્રેજી) ૬૨.૩૩%
એમ.એ. (અંગ્રેજી ) ૫૨.૨૫%

**રોલ નં ૩૪**
**ચક્રવર્તી તૃપ્તિ જી.**



સાબરમતી, અમદાવાદ
મો. ૯૯૯૮૧૧૮૭૯૦
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૮૩%
એમ.એસ.સી.(ગણિત) ૭૧%

**રોલ નં ૩૬**
**પટેલ રોશનીકુમારી જી.**



મુ. કચીગામ, જિ. વલસાડ
મો. ૯૭૨૬૪૪૪૩૬૦
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૪૬%
એમ.એસ.સી.(ગણિત) ૬૪%

**રોલ નં ૩૮**
**સિંઘ પ્રજ્ઞા**



આમલી-બોપલ રોડ, અમ.
મો. ૯૪૦૮૮૬૯૧૨૩
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(ગણિત) ૬૭%
એમ.એસ.સી.(ગણિત) ૫૮%
પી.જી.ડી.સી.એ. ૬૮%

**રોલ નં ૩૯**
**શાહ કાજલ**



ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૯૭૨૩૨૦૮૯૨૬
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(ગણિત) ૬૯.૧૭%

**રોલ નં ૪૦**
**શાહ લોનિકા બી.**



બાપુનગર, અમદાવાદ
મો. ૯૧૮૪૦૧૮૩૮૩૧૨
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત)

**રોલ નં ૪૧**
**ચૌહાણ ખ્યાતિ વી.**



નવા નરોડા, અમદાવાદ
મો. ૯૬૬૨૫૨૨૩૪૧
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(બોટની) ૭૫ %
એમ.એસ.સી.(બોટની) ૬૫ %

**રોલ નં ૪૨**
**દ્વિવેદી સિધ્ધાર્થી વી.**



નવા નરોડા, અમદાવાદ
મો. ૮૩૦૯૯૪૩૬૧૫
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(માઈક્રો) ૬૯.૪૨%
એમ.એસ.સી.(માઈક્રો) ૬૨.૩૩%

**રોલ નં ૪૪**
**માંગરોલા મુકેશભાઈ કે.**



ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૯૪૨૯૧૯૩૩૦૧
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ભૌ. વિ.)૬૭.૫૦ %
એમ.એસ.સી.(ભૌ. વિ.)૫૧.૩૩ %
એમ.એલ.ડબલ્યુ ૬૭.૦૪ %

**રોલ નં ૪૫**
**પ્રજાપતિ કૌશલકુમાર ડી.**



બાવળા, જિ. અમદાવાદ
મો.૭૬૦૦૦૨૮૪૦૫,
૭૬૦૦૦૧૮૪૦૫
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(કેમે.)૬૬.૬૬%
એમ.એસ.સી.(કેમે.) ૫૯.૩૩%

**રોલ નં ૪૬**
**શકલાની મેઘા**



ચાંદખેડા અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૯૮૭૯૫૩૬૯૪૩
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(ઝૂલોજી) ૮૧.૧૫ %
એમ.એસ.સી.(ઝૂલોજી) ૬૪.૪ %
એમ.ફીલ.(ઝૂલોજી) ૬૫.૫ %

**રોલ નં ૪૮**
**માલન સુનિથા વી.**



એસ.જી.હાઈવે, અમદાવાદ.
મો. ૯૯૦૯૧૮૧૩૩૩
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(ફિઝી.) ૮૯ %
એમ.એસ.સી.(ફિઝી.) ૮૯ %

**રોલ નં ૪૯**
**થોમસ નિમ્મિ**



જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧
મો. ૦૯૯૦૪૯૮૫૩૭૧
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(બાયોટેક.) ૬૫.૩ %
એમ.એસ.સી.(બાયોટેક.) ૮૪.૫ %

**રોલ નં ૫૦**
**વસાવા શૈલેષકુમાર બી.**



મુ. નિવાલ્દા, જિ. નર્મદા
મો. ૯૯૯૮૯૮૬૧૮૯
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(બોટની) ૬૩.૧૪%

**રોલ નં ૫૧**
**આનંદ રાજાણી એ.**



ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૧૫
મો. ૯૪૨૮૫૯૨૯૮૨
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(કમ્પ્યૂટર) ૭૩%

**રોલ નં ૫૩**
**ભુરીયા મનિષા એમ.**



મુ. લીલવાસર, જિ. પંચમહાલ
મો. ૯૫૮૬૦૮૯૨૯૭
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૪%
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૦%

**રોલ નં ૫૪**
**બોરીસાગર હિમાંસુ એચ.**



વેજલપુર, અમદાવાદ-૫૧
મો. ૯૨૭૬૮૦૯૬૪૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૭૦%
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૯%

**રોલ નં ૫૫**
**ચૌબે વંદના એસ.**



સાબરમતી, અમદાવાદ
મો.૯૪૨૮૯૧૯૩૩૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(કોમર્સ) ૭૪.૭૫%
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૭.૮૮%

**રોલ નં ૫૬**
**દરજી શિતલ એસ.**



ઉનાવા(બાલવા) જિ.ગાંધીનગર
મો. ૯૪૦૮૮૦૭૩૮૩
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૧.૩૩ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૪૯%

**રોલ નં ૫૮**
**જોષી હેમાંગ એન.**



નારણપુરા, અમદાવાદ-૧૩
મો. ૯૮૨૫૮૦૮૮૪૨
માધ્યમ :અંગ્રેજી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૩%
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૦%

**રોલ નં ૫૯**
**કનોજીયા ગૌરવી એસ.**



હાંસોલ, અમદાવાદ-૩૮૨૪૭૫
મો. ૯૯૦૪૯૦૨૨૧૪,
૮૩૪૭૧૪૦૦૩૨
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૫૬ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૭ %
એમ.એસ.ઓફિસ, ટેલી.

**રોલ નં ૬૦**
**ખંડલા અલ્પેશ આર.**



મુ. ધંધુકા, જિ. અમદાવાદ
મો. ૯૬૦૧૮૫૮૧૮૭,
૯૭૨૨૩૫૮૧૪૩
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ)૬૦.૧૧ %
એમ.કોમ.(એકાઉન્ટ)૫૨.૩૭%

રોલ નં ૬૧

**મકવાણા હરસિદાબહેન બી.**



કલોલ, જિ. ગાંધીનગર
મો. ૮૪૦૧૦૫૬૦૫૨
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૨.૬૬ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૫.૩૭ %
૮૦ %
ટેલી-૪.૫

રોલ નં ૬૨

**મન્સુરી ઉઝમા એ.**



રીલીફ રોડ, અમદાવાદ-૦૧
મો. ૯૯૯૮૫૯૪૪૪૧
માધ્યમ :અંગ્રેજી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૩ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૦ %
સીસીસી(કમ્પ્યુ) ૬૦ %

રોલ નં ૬૩

**પંચાલ પ્રિયંકા એમ.**



નવાવાડજ, અમદાવાદ
મો. ૯૭૧૨૨૧૪૪૪૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એડ.એકાઉન્ટ) ૬૦ %

રોલ નં ૬૪

**પટેલ આરતીબેન જી.**



કલાપીનગર, અમદાવાદ-૧૬
મો.૯૫૩૭૭૦૪૪૧૫
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૨ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૪૫.૧૩%

રોલ નં ૬૫

**પટેલ ચેતનાબેન આર.**



નવા રાણીપ, અમદાવાદ
મો. ૯૧૭૩૮૭૧૦૪૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એડ.એકાઉન્ટ) ૬૧.૨૨%
એમ.કોમ.(એડ.એકાઉન્ટ) ૫૪.૨૫ %

રોલ નં ૬૬

**પટેલ કિંજલબેન સી.**



મેઘાણીનગર, અમદાવાદ-૧૬
મો. ૯૭૨૭૬૫૬૭૯૭
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૬૧.૧૧%
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૧.૭૫%

રોલ નં ૬૭

**પટેલ મિનલબેન જી.**



મેઘાણીનગર, અમદાવાદ-૧૬
મો. ૯૭૧૨૮૬૮૯૦૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૩.૩૩ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૪૨ %

રોલ નં ૬૮

**પઠાણ રશિદખાન એમ.**



સરસપુર, અમદાવાદ-૧૮
મો. ૯૦૧૬૧૦૮૩૦૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૫૪ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૪૪%

**રોલ નં ૬૯**
**શાહ તેજલ ડી.**



ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ-૫૪
મો. ૯૦૯૯૦૪૦૦૭૩
માધ્યમ :અંગ્રેજી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૭ %
એમ.કોમ. (એકાઉન્ટ) ૫૬ %

**રોલ નં ૭૦**
**શિરોયા કૃપા સી.**



સેટેલાઈટ, અમદાવાદ-૫૪
મો. ૯૧૭૩૩૮૭૩૯૨
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૬૧ %
એમ.કોમ. (એકાઉન્ટ) ૪૯ %

**રોલ નં ૭૧**
**સોની હિમાનીબેન એમ.**



નવા નરોડા, અમદાવાદ
મો. ૯૨૨૭૨૫૨૨૯૦
માધ્યમ :ગુજરાતી
બી.કોમ. (એકાઉન્ટ) ૭૧.૪૪ %
એમ.કોમ. (એકાઉન્ટ) ૬૪ %

**રોલ નં ૭૨**
**ભાભોર મનિષા એમ.**



ગોતા, અમદાવાદ
મો.૯૭૨૩૧૨૧૧૪૩
માધ્યમ :ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૫૭ %

**રોલ નં ૭૩**
**કરંજવકર તેજલ એસ.**



અમરાઈવાડી, અમદાવાદ

માધ્યમ :ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૬ %
એમ.એ. (ગુજરાતી) ૫૮ %

**રોલ નં ૭૪**
**પગી વિક્રમસિંહ એન.**



મુ. રાંચરડા, જિ. ગાંધીનગર
મો. ૯૯૯૮૫૯૬૫૬૩
માધ્યમ :ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૦ %
એમ.એ. (ગુજરાતી) ૪૫ %

**રોલ નં ૭૫**
**પટેલ ભૂમિકાબેન મહેન્દ્રભાઈ**



ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
મો. ૯૭૨૭૭૦૪૯૦૭
માધ્યમ :ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૫૫ %
એમ.એ. (ગુજરાતી) ૪૬ %

**રોલ નં ૭૬**
**પટેલ મિતલ એચ.**



ચાંદલોડિયા, અમદાવાદ
મો. ૯૮૭૯૪૨૭૬૦૯
માધ્યમ :ગુજરાતી
બી.એ. (ગુજરાતી) ૬૫ %
એમ.એ. (ગુજરાતી) ૪૯ %

**રોલ નં ૭૭**
**પટેલ સોનલબેન એન.**



નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૬
મો. ૯૧૭૩૨૧૧૪૧૫
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ગુજરાતી) ૬૫ %
એમ.એ.(ગુજરાતી) ૪૭ %

**રોલ નં ૭૮**
**સંગાડા ભુરાભાઈ બી.**



મુ. થેરકા, જિ. દાહોદ
મો. ૯૭૨૬૭૬૮૯૦૫
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ગુજરાતી) ૫૯.૩૩%

**રોલ નં ૭૯**
**સોની આરતી પી.**



શાહપુર, અમદાવાદ-01
મો. ૯૦૩૩૦૧૯૩૦૯
માધ્યમ :ગુજરાતી
બી.એ.(ગુજરાતી) ૫૦.૧૧ %
એમ.એ.(ગુજરાતી) ૪૩ %

**રોલ નં ૮૦**
**જમદાડે અશ્વિની એ.**



નવા વાડજ, અમદાવાદ-૧૩
મો.૯૧૭૩૦૭૫૯૭૯
માધ્યમ :ગુજરાતી
બી.એ.(તત્ત્વજ્ઞાન) ૭૩ %
એમ.એ.(તત્ત્વજ્ઞાન) ૭૪ %

**રોલ નં ૮૨**
**પરમાર કલ્પના એ.**



નવા વાડજ, અમદાવાદ
મો. ૯૦૬૭૩૫૨૦૩૪
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અર્થશાસ્ત્ર) ૫૮ %
એમ.એ.(અર્થશાસ્ત્ર) ૪૪.૨૫ %

**રોલ નં ૮૪**
**શર્મા જ્યોતિ એમ.**



રાણીપ, અમદાવાદ
મો. ૯૬૦૧૬૬૪૨૭૧
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૪.૮૮ %
એમ.એ.(અંગ્રેજી) ૫૯.૭૫%

**રોલ નં ૮૫**
**ચૌધરી રેશ્મા એસ.**



નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦
મો. ૯૯૯૮૮૪૨૦૪૨
માધ્યમ :ગુજરાતી
બી.એ.(અંગ્રેજી) ૬૬ %

**રોલ નં ૮૭**
**દેસાઈ વિજયકુમાર પી.**



ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
મો. ૯૯૭૪૦૦૮૯૮૮
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૬૪.૭૮ %

**રોલ નં ૮૮**
**ઢોલા સામતભાઈ એમ.**



મુ. ધુડિયા, જિ. અમરેલી
મો. ૯૦૯૯૫૬૩૬૮૬
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૬૬ %

**રોલ નં ૮૯**
**પારગી શીતલ એમ.**



મુ. હિરોલા, જિ. દાહોદ
મો. ૮૩૦૬૮૧૧૪૫૮
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૫૧ %
ડિપ્લોમા ઈલે. ૫૮ %

**રોલ નં ૯૦**
**પરમાર નિલમબેન આર.**



મુ. ખેડા
મો. ૯૦૧૬૭૪૭૭૪૪
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૬૩ %

**રોલ નં ૯૧**
**સિંઘલ શ્વેતા એમ.**



વટવા રોડ, અમદાવાદ
મો. ૯૯૨૫૦૨૮૮૧૧
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(ગણિત) ૮૮.૧૧ %
એમ.એસ.સી.(ગણિત) ૮૪ %

**રોલ નં ૯૨**
**ઠાકર કૃણાલ જે.**



નારણપુરા, અમદાવાદ-૧૩
મો. ૯૮૯૮૭૮૪૭૦૬
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(સ્ટેટ.) ૫૫ %
એમ.કોમ.(સ્ટેટ.) ૫૩ %

**રોલ નં ૯૩**
**યાદવ ધર્મેન્દ્ર એચ.**



કુબેરનગર, અમદાવાદ
મો. ૯૯૭૯૧૪૧૯૮૪
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(ગણિત) ૫૬.૦૯ %
આઈ.ટી.આઈ. ૮૨.૨૯%

**રોલ નં ૯૪**
**ગામિત સ્મિતા એ.**



વ્યારા, જિ. તાપી
મો. ૯૪૨૭૮૮૫૭૫૭
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(બોટની) ૭૨ %
એમ.એસ.સી.(બોટની)૬૦ %

**રોલ નં ૯૫**
**જૈન નમ્રતા વી.**



અમરાઈવાડી, અમદાવાદ-૨૬
મો. ૯૯૭૪૬૨૪૬૫૪
માધ્યમ :ગુજરાતી
બી.એસ.સી.(કેમ.) ૭૪.૬૬ %
એમ.એસ.સી.(કેમ.)૬૭.૬૬ %
પી.ટી.સી. ૮૬.૬૬ %

**રોલ નં ૯૬**
**સંચાણ રીના આર.**



નવા નરોડા, અમદાવાદ
મો. ૯૬૦૧૦૮૯૯૭૦
માધ્યમ :અંગ્રેજી
બી.એસ.સી.(          ) ૭૮ %
એમ.એસ.સી.(          )૬૭ %

**રોલ નં ૯૭**
**અન્સારી રૂબીનાબાનુ ટી.**



શાહ આલમ, અમદાવાદ-૨૮
મો. ૯૩૭૭૦૦૩૭૬૬
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૭૧ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૬૩ %

**રોલ નં ૧૦૦**
**દિવાન મેહજબીન એમ.**



રાયખડ, અમદાવાદ-૦૧
મો. ૯૭૨૩૭૯૮૫૧૬
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૭૦ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૬.૨૫ %
પી.જી.ડી.સી.આઈ.એ ૭૧.૯૨ %

**રોલ નં ૧૦૧**
**પટેલ પ્રીતિ બી.**



અમરાઈવાડી, અમદાવાદ-૨૬
મો. ૯૪૨૬૩૦૫૦૪૩
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૭૩.૫૫ %
એમ.કોમ.(એકાઉન્ટ)૬૨.૬૩ %

**રોલ નં ૧૦૨**
**પ્રજાપતિ સંજય એચ.**



નિર્ણયનગર, અમદાવાદ-૩૮૨૪૮૧
મો. ૯૯૨૪૪૨૪૬૭૩
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૭૦.૭૭%
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૩.૨૫ %

**રોલ નં ૧૦૩**
**રાઠોડ મનિષા જે.**



ગોમતીપુર, અમદાવાદ-૨૧
મો. ૯૯૭૮૨૨૨૫૩૬
માધ્યમ :ગુજરાતી
બી.કોમ.(એકાઉન્ટ) ૬૩ %
એમ.કોમ.(એકાઉન્ટ) ૫૫%

# શિક્ષકની પ્રતિબધ્ધતા

- ડૉ. સી.પી.પટેલ

વર્તમાન સમયમાં આપણે સૌ જોઈ શકીએ છીએ કે શિક્ષણના વ્યવસાયને સમાજમાં માન અને મોભાની દ્દષ્ટિએ જોવામાં આવતો નથી. વૈદિક યુગની વાત કરીએ તો વૈદિક યુગમાં 'ગુરૂ'નું સ્થાન સર્વોપરી હતું ગુરૂની તોલે કોઈ પણ ન આવે. મોટા-મોટા મહારાજાઓ પણ ગુરૂઓની સેવા કરવા માટે તત્પર રહેતા હતા. પરંતુ ધીરે - ધીરે સમાજમાં શિક્ષકનું સ્થાન નીચું જઈ રહ્યું છે. તેની પાછળ ઘણા કારણો જવાબદાર છે એ આપણે સૌ જાણીએ છીએ પરંતુ એક શિક્ષક તરીકે આપણે સૌ માન-સન્માન પાછું મેળવવું હશે તો આપણે જ તેના માટે સંનિષ્ઠ પ્રયત્નો કરવા પડશે.

' શિક્ષક કભી સાધારણ નહીં હોતા
પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદમે પલતે હૈ' - ચાણક્ય

ઉપરોક્ત પંક્તિનો અર્થ જોતા શિક્ષકના મહત્ત્વનો ખ્યાલ આવી શકે છે. પ્રખ્યાત કેળવણીકાર રૂસોએ પણ આ જ વાત પર ભાર મૂક્યો છે. પરંતુ માન-સન્માન પાછા મેળવવા માટેના પ્રયત્નોમાં શિક્ષકની પ્રતિબધ્ધતા (Commitment) હોવી એ ખાસ જરૂરી છે. જેમાં

૧. શિક્ષકના વ્યવસાય પ્રત્યેની પ્રતિબધ્ધતા
૨. શિક્ષકની સંસ્થા પ્રત્યેની પ્રતિબધ્ધતા
૩. શિક્ષકની વિદ્યાર્થીઓ પ્રત્યેની પ્રતિબધ્ધતા
૪. શિક્ષકની સમાજ પ્રત્યેની પ્રતિબધ્ધતાનો સમાવેશ થાય છે.

### ૧. શિક્ષકની વ્યવસાય પ્રત્યે પ્રતિબધ્ધતા :

દરેક શિક્ષકે પોતાના વ્યવસાય પ્રત્યે પ્રતિબધ્ધતા દાખવવી જરૂરી છે. તો જ તે પોતાના વ્યાવસાયિક જીવનમાં સફળતાનાં શીખરો સર કરી શકે છે. પોતાના વ્યવસાયને લગતા દરેક કૌશલ્યો શિક્ષકે હસ્તગત કરવા જરૂરી છે. પોતાના વ્યવસાયમાં આવી રહેલ દરેક પરિવર્તનોને જાણવા અને તેનો સ્વીકાર કરવો પણ તેટલો જ જરૂરી છે. અને આ પરિવર્તનનો સ્વીકારથી જ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં તે ટકી શકે છે. આથી જ આજના આ વૈશ્વિકીકરણનાં યુગમાં શિક્ષકની વ્યવસાય પ્રત્યેની પ્રતિબધ્ધતા જરૂરી છે.

### ૨. શિક્ષકની સંસ્થા પ્રત્યેની પ્રતિબધ્ધતા :

શિક્ષકે પોતાના વ્યવસાયની સાથે-સાથે પોતે જ સંસ્થામાં શિક્ષણ કાર્ય કરે છે તેની સાથે પણ વફાદાર અને પ્રામાણિક રહેવું જોઈએ. સંસ્થાનું બંધારણ, માળખું, સંસ્થાના નીતિ-નિયમોનું શિક્ષકે પાલન કરવું જોઈએ. સંસ્થાના વિકાસમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

### ૩. શિક્ષકની વિદ્યાર્થીઓ પ્રત્યેની પ્રતિબધ્ધતા :

શિક્ષકે પોતાના વ્યવસાય અને સંસ્થાની સાથે-સાથે વિદ્યાર્થીઓ સાથે પણ વફાદાર રહેવાનું છે. સાથે-સાથે વિદ્યાર્થીઓ સાથે પણ વફાદાર રહેવાનું છે. વિદ્યાર્થીના ભાવિ વિકાસનું કાર્ય શિક્ષકે કરવાનું છે. વિદ્યાર્થીઓ

પોતાના શિક્ષકના આદેશનું સદા પાલન કરતાં હોય છે. આથી શિક્ષકે પણ પોતાના વિદ્યાર્થીઓની રસ- રૂચિને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્યનું આયોજન કરવું જોઈએ. શિક્ષકે જુદી-જુદી પ્રયુક્તિઓની મદદથી વિદ્યાર્થીઓની જરૂરિયાતને ઓળખી અને તેને જરૂરિયાત મુજબ શિક્ષણકાર્ય હાથ ધરવું જોઈએ કે જેથી વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થઈ શકે. વિદ્યાર્થી પોતાના શિક્ષકમાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે તે પોતાના શિક્ષકને Rale model તરીકે સ્વીકારે છે. આથી શિક્ષકે પણ આદર્શ "rale model " નું ઉદાહરણ પૂરુ પાડવું જોઈએ.

***૪. શિક્ષકની સમાજ પ્રત્યેની પ્રતિબધ્ધતા :***

સમાજ પણ શિક્ષક પાસેથી ઘણી-બધી અપેક્ષાઓ રાખે છે. શિક્ષકે સમાજના વિકાસમાં પણ પોતાનું યોગદાન આપવું જોઈએ. સામાજિક અંધશ્રધ્ધાઓ દૂર કરવી, સામાજિક પરિવર્તન લાવવું, સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવાનું કાર્ય એક આદર્શ શિક્ષકનું છે. ભારતના સંદર્ભમાં વાત કરીએ તો મોટા ભાગે ગ્રામ્ય વિસ્તારમાં જે શિક્ષકો શિક્ષણકાર્ય કરે છે ત્યાં ગામના લોકો દ્વારા વિશેષ આદર, સત્કાર આપવામાં આવે છે. ગ્રામજનોના કોઈ પ્રશ્નો હોય તો તેના ઉકેલ માટે શિક્ષકની સલાહ લેવામાં આવે છે. આમ, નિરંતર લોકોમાં સામાજિક ચેતના લાવવાનું કાર્ય શિક્ષક સારી રીતે કરી શકે છે.

***પ્રિન્સીપાલ, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ.***

# મોગલ સામ્રાજ્યની ભૂલાએલી હસ્તી-બેગમ જીનત મહાલ

- ડૉ. જ્યોતિબેન દવે

એક સમયે બ્રહ્મદેશના નામથી જાણીતો, ભારતની જોડાજોડ, પૂર્વ દિશામાં આવેલો દેશ હવે મ્યાનમાર
તરીકે ઓળખાય છે. વેપારની પ્રવૃત્તિઓથી સતત ધમધમતું રહેતું તેનું વિખ્યાત શહેર રંગૂન હવે યાંગોન તરીકે
ઓળખાય છે. વર્ષો સુધી આ દેશ મિલિટરી જૂન્ટાની સરમુખત્યારી હકૂમત હેઠળ હતો, જ્યાં હવે ક્રમશઃ લોકશાહી
રાજ્ય સ્થાપવાની શરૂઆત થઈ છે. ઑંગ-સાન-સૂ-ક્યી નામની નાજૂક-નમણી પરંતુ અત્યંત દૃઢ મનોબળ
ધરાવતી મહિલાના વીસેક વર્ષના અડગ સત્યાગ્રહથી આ પરિવર્તન શક્ય બન્યું. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં
તેમના પક્ષને અદ્‌ભુત સફળતા મળી. વીસ વર્ષ સુધી તેઓને નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. ક્વચિત્ કડક
જાપ્તા હેઠળ વિશ્વની કોઈ પ્રસિધ્ધ વ્યક્તિને તેમની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવતી.

દિલ્હી સલ્તનતના છેલ્લા મોગલ બાદશાહ બહાદૂર શાહ જફરને આ જ રંગૂન શહેરની જેલમાં, બ્રિટિશ
શાસન દરમ્યાન, ૧૮૫૭ના બળવા પછી તેમના જીવનના અંત સુધી રાખવામાં આવ્યા. ભારતથી રંગૂનની
મુલાકાત લેતા રાજદ્વારીઓ આ સ્થળની મુલાકાત લેવાનું ચૂકતા નથી. કારાવાસમાં શહેનશાહ સાથે તેમની
બેગમ નવાબ જીનતમહાલ પણ સાથે હતી. મોગલ સામ્રાજ્યની બે સ્ત્રીઓ વિશ્વવિખ્યાત છે. નૂરજહાં અને
મુમતાઝ મહાલ. પરંતુ બહાદૂર શાહ ઝફરની આ વરવું વ્યક્તિત્વ ધરાવતી બેગમ દુનિયાની નજરોમાં અજાણ હતી.

ઈ.સ. ૧૮૨૧માં જન્મેલી નવાબ જીનતમહાલનું લગ્ન ૧૯૪૦માં ૬૪ વર્ષના બહાદૂર શાહ ઝફર સાથે
થયું પરંતુ ત્યારે તેની ઉંમર ૧૯ વર્ષની હતી. સૌંદર્ય સાથે બૌધ્ધિક પ્રતિભા ધરાવતી આ યુવતી અત્યંત મહત્વકાંક્ષી હતી.

જીનત મહાલના લગ્ન સમયે બાદશાહની મુખ્ય અને માનીતી બેગમ હતી તાજમહાલ બેગમ. હારેમની
સર્વસત્તા તેના હાથમાં હતી અને બાદશાહના નવા લગ્નના જલસાની આગેવાની પણ તેણે જ લીધી હતી. ટૂંક
સમયમાં તેને પડદા પાછળ ધકેલી સર્વસત્તાનું કેન્દ્ર જીનત મહાલ બેગમ બની.

બાદશાહ વૃધ્ધત્વ, કથળતી તબિયત અને ગઝલ-શાયરી પ્રત્યેની અપ્રતીમ લગાવને કારણે રાજકાજમાં
પૂરતું ધ્યાન આપી શકતા ન હતા. તેમના સ્થાને હવે નવાબ જીનતમહાલ બેગમે રાજકીય દાવપેચ રમવાની
શરૂઆત કરી દીધી હતી. ૧૮૪૧માં તેણે પુત્રને જન્મ આપ્યો. નામ રાખ્યું મિર્ઝા જવાં બખ્ત. બાદશાહની કાયદેસરના
૧૬ પુત્રોમાં તેનો ૧૫મો નંબર હતો. ૧૮૪૯માં ઝફરના સૌથી મોટા પુત્ર મિર્ઝા દારાબખ્તનું મૃત્યુ થયું અંગ્રેજોની
માન્યતા હતી કે તેના સ્થાને મિર્ઝા ફખરૂને વારસદાર બનાવવામાં આવશે. પરંતુ જીનત મહાલ બેગમે પોતાના
આઠ વર્ષના પુત્ર મિર્ઝા જવાં બખ્તને વારસદાર તરીકે આગળ કર્યો. બહાદૂર શાહ ઝફરે અંગ્રેજી કંપની સરકારને
પોતાના આ નિર્ણયની જાણ કરી ઔપચારિક રીતે મિર્ઝા જવાં બખ્તને પોતાના પછી રાજગાદીનો વારસદાર નીમ્યો.

પોતાના પુત્રનો દાવો વધુ મજબુત્ત કરવા માટે અને સલ્તનતનો પણ ટેકો મળે તે હેતુથી જીનતમહાલ
બેગમે તેનું લગ્ન અત્યંત વગદાર કુટુંબની, દસ વર્ષ ઉંમરની શાહ ઝમાની સાથે કરાવ્યું. ખજાનો ખાલી હતો
એટલે દિલ્હીના શાહ-સોદાગરો પાસે ઉછીના પૈસા લઈ લગ્નની ખૂબ ધામધૂમ કરાવી. ફાનસ, બેન્ડવાજા,
આતશબાજી, ખૂશ્બુદાર વાનગીઓ, ભેટ સોગાદો, ભવ્ય જૂલુસો દ્વારા પોતાની વગ સ્થાપવાનો આ પ્રયાસ
હતો. ધીમે ધીમે આ કાર્યકુશળ સ્ત્રી તેની આકાંક્ષાઓ સિધ્ધ કરી રહી હતી. બાદશાહ તેના ઈશારે કામ કરતા થયા
અને મહેલ તથા શારેમમાં રહેતા લોકો તેની ખુશી-નાખુશીના આધારે સુખ અને દુઃખ પામતા ગયા. તેનો પહેલો
શિકાર બની તાજમહાલ બેગમ. જેનું મુખ્ય બેગમ તરીકેનું બિરૂદ છીનવાયું અને ઝફરના ભત્રીજા મિઝા કમરાન
સાથે અનૈતિક સંબંધોનું આળ મૂકી જેલમાં પૂરવામાં આવી. ૧૮૫૩માં દિલ્હી અંગ્રેજી હાકેમ સર થોમસ મેટકાફનું
મૃત્યુ થયું. મેટકાફના કુટંબને શંકા હતી કે બેગમ જીનત મહાલે મેટકાફને ઝેર અપાવ્યું હતું.
અંગ્રેજોના દિલ્હી અને અન્ય પ્રાંતો ઉપર વધતા પ્રભાવને જોતાં તેને પ્રતીતિ થઈ કે જો સલ્તનતને
બચાવવી હોય તો અંગ્રેજોને ખુશ કરવા જોઈએ. અંગ્રેજી અફસરો અને ઊંચા હોદ્દેદારોને તેણે ખુશ રાખવા

માંડ્યા. પોતાના પુત્ર માટે રાજગાદી નિશ્ચિત કરાવવાના પ્રયાસ આદર્યા. પરંતુ દિલ્હી અને ઉત્તર ભારતમાં કંઈક નવી જ હિલચાલ શરૂ થઈ હતી. અંગ્રેજો સામે બળવાની તૈયારીઓ શરૂ થઈ અને ૧૮૫૭ના વર્ષમાં એક દિવસ બળવો ફાટી નીકળ્યો. આ સમયે દિલ્હી સલ્તનતની વિરુધ્ધ થઈ છૂપી રીતે તેણે અંગ્રેજોને મદદ કરવાની તૈયારીઓ શરૂ કરી. બહાદુર શાહ ઝફરે દિલ્હીની ગાદી અને દિલ્હીની જનતાને બચાવવા માટે બેગમ જીનત મહાલની ઈચ્છા વિરુધ્ધ બળવાખોરોને સાથ આપ્યો.

બળવો નિષ્ફળ ગયો. અને અંગ્રેજ સૈન્ય દિલ્હીના રાજમહેલમાં પ્રવેશ્યું. જે વહાલસોયા પુત્રને તેણે રાજગાદી અપાવવા પ્રપંચો કરેલા તે જ પુત્રએ માતા અને પિતા વિરુધ્ધ ખાનગીમાં અંગ્રેજોને માહિતી આપવા માંડી. રાજઘરાનાના રહસ્યોથી વાકેફ કરવા માંડ્યા. અને રાજખજાના વિશેની ગુપ્ત માહિતી પણ આપી. જીનત મહાલે અંગ્રેજી લશ્કરના અધિકારીઓને કહ્યું હતું કે તેઓ પાસે કોઈ ધન બચ્યું નથી. પરંતુ મિર્ઝા જવાં બખ્ત્રે જીનત મહાલનો ખાનગી ખજાનો અંગ્રેજોને ખોલી આપ્યાની લોકવાયકા છે.

બળવો શમી ગયા પછી સમગ્ર મોગલ ઘરાનાના સભ્યો અંગ્રેજોની કેદમાં આવ્યા. કેટલાક ભાગી જવામાં સફળ થયા. બહાદૂર શાહના પુત્રોને અંગ્રેજોએ એક પછી એક ફાંસીએ લટકાવવા માંડ્યા. ૧૬માંના બે પુત્ર ભાગવામાં સફળ થયા. અને તેમની બાકીની જીંદગી કંગાળ અવસ્થામાં પસાર થઈ. ઝફરને થોડા વર્ષ દિલ્હીમાં જ રાખી તેના ઉપર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. આ બધા સમય જીનત મહાલ તથા જવાં બખ્ત બાદશાહ સાથે હતા. અંતે તેઓ સૌને રંગૂન ખસેડવામાં આવ્યા. આ કાફલામાં બાદશાહ, જીનત મહાલ, જવાં બખ્ત તથા તેની પત્ની શાહ જમાની, બાદશાહનો દાસીપુત્ર શાહ અબ્બાસ, તેની માતા તથા દાદી અને કેટલાક વફાદાર નોકર હતા.

રંગૂનમાં પણ જીનત મહાલના દાવપેચ ચાલુ હતા. જવાં બખ્તને તેના કુટુંબ સાથે અંગ્રેજો ઈંગ્લેન્ડ લઈ જાય એવા પ્રયત્નો શરૂ કર્યા. ઝફરની પણ આ વિશે સંમતિ હતી. જીનત મહાલનો આ છેલ્લો દાવ સફળ ન રહ્યો. કલકત્તામાં બેઠેલા અંગ્રેજ હાકેમોએ આ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. ૭ નવેમ્બર, ૧૮૬૨માં ઝફરનું મૃત્યુ થયું. અજ્ઞાત રીતે તેને એક સાદી કબરમાં દાટવામાં આવ્યા.

જીનત મહાલ હવે અશક્ત થવા માંડી હતી. તેના પ્રિય પુત્ર અને પુત્રવધૂ સાથે રોજ ઝઘડા થતા હતા. અંગ્રેજોએ તેમને જેલ બહાર જર્જરિત ઘરોમાં રહેઠાણ આપ્યા. એક જમાનામાં દિલ્હીના રાજમહેલમાં એક ચક્રી શાસન ચલાવનાર જીનત તેના નોકરો સાથે એકલી, ગરીબ અવસ્થામાં રહેતી હતી. જવાંબખ્ત પણ અતિશય કંગાળ સ્થિતિમાં હતો. પુત્રવધૂ શાહ ઝમાની સંપૂર્ણપણે અંધ અને લાચાર બની ગઈ હતી.

શાહ અબ્બાસ તેની માતા તથા દાદી સાથે જુદો રહેતો હતો. તેણે રંગૂનની કોઈ મુસ્લિમ કન્યા સાથે લગ્ન કર્યું હતું તેથી તે થોડી વધુ સારી હાલતમાં હતો.

વૃધ્ધાવસ્થાના દિવસોમાં બેગમ જીનત મહાલે અંગ્રેજ હકૂમતને અરજ કરી કે તેનો પુત્ર જવાંબખ્ત તેને ત્રાસ આપે છે તેથી તેને દિલ્હી પાછી મોકલવામાં આવે. તેની આ અરજીનો અસ્વીકાર થયો. ઝફરના મૃત્યુના બરાબર ૨૦ વર્ષ પછી ૧૮૮૨માં તેનું મૃત્યુ થયું. આ વર્ષો દરમ્યાન બહાદૂર શાહ ઝફરની કબરનું સ્થાન ભૂલાઈ ગયું હતું. તેથી દફનસ્થાનની નજીકના કોઈ વૃક્ષ પાસે તેને દફનાવવામાં આવી.

બે વર્ષ બાદ તેનો એક માત્ર પુત્ર, એક સમયે દિલ્હીની રાજગાદીનો વારસદાર મિર્ઝા જવાં બખ્ત ૪૨ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો. તેની પત્ની શાહ ઝમાની અંધ અવસ્થામાં, પોતાના કોઈ વાંક ગુના વગર જીવનની કરૂણતાઓ એક પછી એક સહેતી રહી.

૧૯૯૧ની ૧૬મી ફેબ્રુઆરીએ એક આકસ્મિક ઘટના બની. ડ્રેનેજ લાઈનના ખોદકામ દરમ્યાન બહાદૂર શાહની મૂળ કબર મળી આવી. તેમાં બાદશાહનું હાડપિંજર લગભગ અકબંધ મળ્યું. આ સ્થાને એક સ્મારકનું વિધિવત નિર્માણ થયું. ભારત, પાકિસ્તાન ને બાંગ્લાદેશના ઘણા રાજકીય નેતાઓ રંગૂન જતાં આ સ્થળની મુલાકાત લેવાનું ચૂકતા નથી.

ઈતિહાસ કોઈ વ્યક્તિને અમર બનાવે છે તો કોઈ વ્યક્તિ ભૂતકાળના પાનાંઓમાં ખોવાઈ જાય છે. સમયની આજ બલિહારી છે !

**એસોસિયેટ પ્રોફેસર, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ.**

# ઊર્જા સભાનતા

- ડૉ. કૌશલબહેન યાદવ

વિશાળ જગવિસ્તરે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે.... પુષ્પો...વનોની છે વનસ્પતિ.

આ ઉદ્ગાર છે મહાન દૃષ્ટા ઉમાશંકર જોશીના આધુનિક રહેણીકરણીના સંકજામાં સપડાયેલી બાળપેઢી ઉમાશંકર જોશીના વિચાર ઉપર કેટલું વિચારી શકે છે તે એક પ્રશ્નાર્થ છે. આમ તો સમાજમાં થોડા થોડા વખતે કેટલાક શબ્દો બહુચર્ચિત બને છે. વસ્તી વધારો, ભ્રષ્ટાચાર, પ્રદૂષણ, પર્યાવરણ, ગ્લોબલ વૉર્મિંગ વગેરે વિષયોને શબ્દોથી શણગારી ચર્ચા કરવાની ફેશન થઈ પડી છે. પરંતુ સત્ય એ છે કે આ વિષયોને શબ્દોની નહીં બલ્કે કર્મોની જરૂર છે. વર્તમાનપત્રો અવારનવાર આ વિષયો આધારિત ઘટના, માહિતી કે લેખો છાપે છે અને સમાજજાગૃતિ પ્રત્યેની તેમની ફરજ અદા કરે છે.

માનવીની જરૂરિયાતો-ઉર્જાનો આડેધડ વપરાશ -ગ્લોબલ વૉર્મિંગ-પર્યાવરણને થતી આડ અસર બધું જ જટિલ રીતે એકબીજા સાથે સંકળાયેલું છે. પર્યાવરણ સુરક્ષા માટેનું પ્રથમ ચરણ ઊર્જાનો વિચાર અને વિવેકપૂર્ણ વપરાશ એટલે કે ઊર્જાસભાનતા જ હોઈ શકે. સમગ્ર સૃષ્ટિનું ચાલકબળ અને ગતિશીલ રાખતી શક્તિ એટલે જ ઊર્જા. સજીવ હોય કે નિર્જીવ તમામને ક્રિયા-પ્રક્રિયા કરવા માટે શક્તિની જરૂર પડે છે. પર્યાવરણસુરક્ષા માટે ઊર્જા વિશેની જાણકારી અને તેનો સદ્ભાવપૂર્વકનો ઉપયોગ અનિવાર્ય છે. પરંતુ આ હાકલ માટે સૌએ સૂર પુરાવવો જરૂરી બને છે. સમાજના પ્રત્યેક સ્તરની વ્યક્તિએ ઊર્જા પ્રત્યેની જાગૃતિ કેળવવાની અને સભાનતાપૂર્વક ઉપયોગ કરવાની સૂઝ કેળવવાની જરૂર છે. કેટલીક શાળાઓ તરફથી આ દિશાનાં સંનિષ્ટ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે આ વિચારને કુટુંબ અને સમાજમાંથી પણ પોષણ મળી રહે તે ખૂબ જરૂરી બને છે; તો જ આ વિચારબીજ વટવૃક્ષમાં પરિણમી શકે.

સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પર્યાવરણ વિષયનો અભ્યાસક્રમ ફરજિયાત રીતે સાંકળી લેવો એ સભાનતા કેળવવાની દિશાનાં ખૂબ પ્રતીકાત્મક પગલું છે. પરંતુ તે કર્મકાંડ સ્વરૂપ ધારણ ન કરી લે તે ખૂબ જરૂરી છે. શાળામાં ઈકો ક્લબની પ્રવૃત્તિઓ, પર્યાવરણ વિષયનો અભ્યાસક્રમ, પર્યાવરણ દિવસની ઊજવણી, ઊર્જારક્ષકદળ કાર્યક્રમ વગેરે પ્રયાસો થકી વિદ્યાર્થી આલમને ઊર્જાસંરક્ષણ અને ઊર્જા કાર્યદક્ષતાથી વાકેફ કરવાના પ્રયાસો શાળા કક્ષાએ વેગ પકડી રહ્યા છે. આ પ્રયાસો થકી ઊર્જાના વિવિધ સ્રોતો અને તેના ઉપયોગો અને ઊર્જા કટોકટીને પહોંચી વળવા ઊર્જાનો વિવેકપૂર્ણ ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગેનું જ્ઞાન આપવામાં આવે છે.

જી.સી.ઈ.આર.ટી. અને સી.ટી.ઈ. સેન્ટરના સહયોગ દ્વારા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ઊર્જાસભાનતાના વિષયક સર્વેક્ષણ પ્રકારનું સંશોધન હાથ ધરવામાં આવ્યું. સંશોધનનો મુખ્ય હેતુ ઊર્જાસભાનતા કસોટીની રચના કરવી તેમજ જાતિ, અભ્યાસધોરણ અને શાળામાં થતી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિ અને વિદ્યાર્થીમાં રહેલી ઊર્જાસભાનતા વચ્ચે સંબંધ તપાસવાનો હતો.

સંશોધનને અંતે જાણવા મળ્યું કે પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ કરતી શાળાઓ અને પ્રવૃત્તિ ન કરતી શાળાઓના વિદ્યાર્થીઓની ઊર્જાસભાનતામાં કોઈ ફેર નથી. આ તારણ આપણને વિચાર કરતાં મૂકી દે છે અને સૂચવે છે કે શાળાઓમાં થતી પ્રવૃત્તિઓના આયોજન અને પ્રકારમાં બદલાવ લાવવો જરૂરી છે. શૈક્ષણિક સંસ્થા

સંદર્ભે અહીં કેટલાંક પ્રયાસો રજૂ કર્યા છે જે ઊર્જાસભાનતા કેળવવામાં મદદરૂપ બની શકે છે.

- શાળામાં આચાર્યથી પટાવાળા સુધીની પ્રત્યેક વ્યક્તિ ઊર્જાસભાનતા વિશે જાગૃત હોવી જોઈએ જેથી શાળામાં ઊર્જાસભાનતાનું વાતાવરણ ઊભું થઈ શકે.
- ઊર્જાસભાનતા કેળવાય એ માત્ર વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષકની જવાબદારી નથી. તમામ વિષયોમાં આ બાબત સાંકળી શકાય છે. દા.ત. ગણિત શિક્ષક વિદ્યાર્થી પાસે તેમના ઘરે વપરાશમાં લેવાના વિજયુનિટનો આલેખ દોરાવી શકે છે.
- વર્ગદીઠ ઝાડનું **cutout** મૂકી દરેક વિદ્યાર્થી પાસે ઊર્જાબચત અંગેનો સંકલ્પ લખાવી શકાય જેનું પાલન તેના દ્વારા એક અઠવાડિયા માટે ફરજિયાત રીતે કરાવવું. અઠવાડિયાને અંતે સંકલ્પપાલન પ્રક્રિયા દરમ્યાનના અનુભવોની રજૂઆત કરાવવાથી વિદ્યાર્થીઓમાં નવા વિચારોનું સિંચન થઈ શકે.
- માત્ર ઊર્જાબચત કરતા રોજીંદાજીવનમાં તેમના દ્વારા ઊર્જા ક્યાં ક્યાં વેડફાય છે તે અંગે પણ વિદ્યાર્થીને જાગૃત કરવા જોઈએ, જે વધુ અસરકારક પુરવાર થાય છે.
- માહિતી વિષયક પ્રદર્શન, વાર્તાલાપ કે રૂબરૂ મુલાકાતનું આયોજન કરી શકાય જેમાં
  - વિવિધ ઊર્જા સ્રોતની જાણકારી અને તેના ઉપયોગથી થતા ફાયદા
  - ઊર્જા બચત તરફ દોરી જતાં સાધનોની માહિતી અને પ્રદર્શન
  - ઊર્જા બચત સાધન ઓળખ હરીફાઈ
  - વિદ્યાર્થીના ઘરમાં ઉપયોગમાં લેવાતાં ઊર્જાબચત સાધનોની યાદી તૈયાર કરાવવી.
  - ઊર્જાસભાનતા અંગેના પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરાવવા વગેરે

  પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.

  આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે આંતરવર્ગીય હરીફાઈ ઊર્જાસભાનતા ઝૂંબેશને ચોક્કસ વેગ આપશે.
- શાળામાં ઈકો ક્લબની અને ઊર્જા રક્ષક દળ (BURD)ની સ્થાપના અને સઘન પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.

શૈક્ષણિક સંસ્થાઓમાં બદલાયેલી કાર્યપ્રણાલી મુજબ શિક્ષક-અધ્યાપકોનો કાર્યભાર વધ્યો છે. પરંતુ ભાવિ પેઢીના ઘડતરનો ભાર પણ આપણા જ ખભે છે; જેથી ક્યાંક અને ક્યારેક આપણે સૌ આ દિશામાં વિચાર કરી પ્રયત્નો મૂકીશું તો ચોક્કસ આ વૈશ્વિક સમસ્યાને પડકારવા આપણે અને ભાવિ પેઢી સમર્થ બની શકીશું. ઊર્જા સભાનતા માત્ર એક વિચાર નથી પરંતુ આચાર છે.

**આસિ. પ્રોફેસર, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ.**

# શિક્ષકની અસરકારકતાને જવાબદાર પરિબળો

- ડૉ. શામળભાઈ સોલંકી

શિક્ષક એ તો રાષ્ટ્રનો નિર્માતા અને ભાગ્યનો વિધાતા છે. શિક્ષક રાષ્ટ્રના ઈતિહાસનો સર્જક છે. એટલે જ કહેવાયુ છે કે “The teacher is the maker of history ”and “The teacher is the tourch beater of society” સામાન્ય વ્યાખ્યા અનુસાર શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા અને કર્તવ્ય પરાયણ વ્યક્તિ. આ તમામ ગુણો તો શિક્ષકમાં હોવાં એટલા જ જરૂરી છે. આવા ગુણો તો શિક્ષકના એક ફરજના ભાગરૂપે છે. કોઈએ સાચું જ કહ્યું છે કે “Necessity is the mother of invention” બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો સંતોષવા માટે સાચો શ્રેષ્ઠ શિક્ષક હંમેશા શિક્ષણના સંશોધનો કરતો રહેતો હોય છે. શિક્ષણના નવનિર્માણમાં સૌથી મહત્ત્વનું સ્થાન શિક્ષકનું છે. શિક્ષક એ તો સંસ્કૃતિનો જ્યોતિર્ધર અને સામાજિક પરિવર્તનનો પરિવ્રાજક છે. શિક્ષકની ભૂમિકા પર પ્રકાશ પાડતા પ્રખર કેળવણીકાર લૉર્ડ એશબીની કંડિકાનું સ્મરણ થાય છે. તેઓના મંતવ્ય અનુસાર...

“The chief quality that distinguishes a teacher is a determination and the skil to build bridge between the two generation, to establish a lively communication with the young. The commitment of a teacher is not solely to transmit knowledge; it is to transmit tradition of scholarship, an attitude to phenomena and a particular style of integrity.” લૉર્ડ એશબીનું આ વિધાન શિક્ષકના કર્તવ્ય પર વેધક પ્રકાશ ફેંકે છે. શિક્ષકનું કર્તવ્ય બે પેઢી વચ્ચેનો સેતુ બનાવે છે. શિક્ષકનું કાર્ય યુવાનો સાથે જીવંત સંપર્ક દ્વારા સંવાદ સાધવાનું છે. શિક્ષકની પ્રતિબધ્ધતા માત્ર જ્ઞાનનું સંક્રમણ કરવાનું નથી, પરંતુ વિદ્વતાનું સંક્રમણ, જ્ઞાન પ્રત્યેનો અનુરાગ અને એકાત્મકતા સ્થાપવાનો છે. શિક્ષકે સતત જ્ઞાનની આરાધના કરતા રહીને વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરવાનું છે. શિક્ષણના બધા જ પરિબળો શિક્ષકની ગુણવત્તા પર વ્યાપક અસર જન્માવે છે અને રાષ્ટ્રીય વિકાસમાં જે મહત્ત્વનો ભાગ ભજવે છે તેમાં શિક્ષકની ગુણવત્તા અને કાર્યક્ષમતા એ મહત્ત્વનું પરિબળ છે. આજે વર્ગખંડો વિદ્યાર્થીઓથી છલકાય છે, જ્ઞાનની નવી નવી ક્ષિતિજો દિન પ્રતિદિન ખૂલી રહી છે ત્યારે શિક્ષક તેનાથી પર રહે તે કેમ ચાલે ? શિક્ષકે તેની વ્યવસાયિક સજ્જતામાં વધારો કરવો પડશે અને નીત નવીન જ્ઞાન મેળવવું પડશે. આજના આ વૈશ્વિકીકરણના યુગમાં શિક્ષકે તેની અસરકારકતામાં વધારો કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. શિક્ષકે પોતાના જ્ઞાન અને કૌશલ્યની બાબતમાં અદ્યતન રહેવા અંગે સજાગ રહેવું પડશે. આજના આ વૈશ્વિકીકરણના યુગમાં આપણા સહિયારા ભવિષ્યનો નકશો દોરીને તેનું નિર્માણ કરવાનું છે. શિક્ષકનું પ્રતિબિંબ તેના વર્ગખંડોમાં ઘડાતું હોય છે અને તેની ઉપર શિક્ષણની આખી વૈશ્વિક ઈમારત ચણાય છે.

**● શિક્ષકની અસરકારકતાને જવાબદાર પરિબળો :**

વિશ્વમાં આજે તમામ ક્ષેત્રે આવતી કાલ કેવી હશે તેની વિશદે ચર્ચા ચાલી રહી છે. ખાસ કરીને ઔદ્યોગિક ક્ષેત્રે આ વિભાવના આંતરરાષ્ટ્રીય સ્તરે પણ થાય છે. દરેક કંપની પોતાનો માલ ઊંચી ગુણવત્તાવાળો અને સસ્તો છે તેની જોરશોરથી જાહેરાતો કરીને ગ્રાહકોને આકર્ષે છે. તો સાથે સાથે કંપની ભવિષ્યમાં કેવી રીતે ક્ષિતિજો સર કરવાની છે તેની જાહેરાતો દ્વારા ઉત્તમ કારકિર્દી ધરાવતી અને આગળ વધવાની તમન્ના રાખતી વ્યક્તિઓને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. તે જ પરિસ્થિતિ વિશ્વવ્યાપાર સંગઠન (World Trade Organization) આવતાં શિક્ષણ ક્ષેત્રે પણ થવાની છે તે નિર્ધારિત છે. શિક્ષકની અસરકારકતા માટે અનેક પરિબળો જવાબદાર છે.

**● શિક્ષકની વ્યવસાય પ્રત્યેની પ્રતિબધ્ધતા :** શિક્ષકે પોતાના વ્યવસાય પ્રત્યે ગૌરવ અનુભવવું અને વ્યાવસાયિક સજ્જતા વિકસાવવા જાગ્રત રહેવું જરૂરી છે. વ્યવસાય પ્રત્યેની પ્રતિબધ્ધતા માટે મેળવેલી તાલીમ સતત નવસંસ્કરણ થાય તે માટે તે સતત જ્ઞાનની આરાધના કરે, વિચારે, વિકસે અને અન્યને વિકસાવવા પ્રેરક બને.

**● વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબધ્ધતા :** શિક્ષકની વિદ્યાર્થી નિષ્ઠા એ શિરમોર પ્રતિબધ્ધતા છે. વિદ્યાર્થી પ્રત્યેનો હકારાત્મક અભિગમ ક્રાંતિકારી પરિણામ સર્જે છે. વિદ્યાર્થી પ્રત્યેની શ્રધ્ધા તેમનામાં નવું બળ પૂરું પાડે છે. વિદ્યાર્થીઓના સમૃદ્ધિકરણના કાર્યક્રમો યોજીને પ્રતિપોષણ પૂરું પાડે છે.

**● સમાજ પ્રત્યેની પ્રતિબધ્ધતા :** શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. શાળા એ સમાજનું એક કેન્દ્ર બની રહે તે જરૂરી છે. આવી તીર્થભૂમિનો પુરોહિત તે શિક્ષક... શિક્ષકની સમાજ પ્રત્યેની જવાબદારી અન્ય નાગરિક કરતાં વિશિષ્ટ છે.

**● ઉત્કૃષ્ટતા સંપ્રાપ્તિ પ્રતયેની પ્રતિબધ્ધતા :** ઉત્કૃષ્ટતા એટલે બહેત્તર, બહેત્તરથી સર્વશ્રેષ્ઠ પણ થવાની પ્રક્રિયા. શિક્ષક એ તો વિચારનું વાવેતર કરનાર છે. તે પોતાના વિદ્યાર્થીના વિકાસથી ગૌરવ અને આનંદ અનુભવે છે. વિદ્યાર્થી પોતાનાથી સવાયો થાય એવું ઈચ્છે છે. ઉત્કૃષ્ટતાની પ્રતિબધ્ધતા પ્રાપ્તકરવાના અભિગમના આદર્શો આ જીવનને ઊંચે ઉપાડવાની વિધાયક પ્રતિબધ્ધતા છે. "Better everybody better than best" માટે મંડ્યા રહેવું. આ સંપ્રાપ્તિ માટે શિક્ષકે કેટલાક આદર્શો સાથેનો અભિગમ અપનાવવો રહ્યો.

**● પ્રભાવશાળી વ્યક્તિત્વ :** શિક્ષકનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હોવું જરૂરી છે. શિક્ષકની પ્રતિભામાં સ્વપ્રતીતિ, આકર્ષક દેખાવ, આશાવાદ-વિધાયક વલણો, સુદઢતા વલણો, સુદઢતા, ઉત્સાહ, વિદ્વતા, બુધ્ધિવૈભવ, અસરકારક અભિવ્યક્તિ, નેતૃત્વ શક્તિ, વિનોદવૃત્તિ અને મૈત્રીપૂર્ણતાના ગુણો હોવાં જરૂરી છે.

**● જ્ઞાનપિપાસા અને જિજ્ઞાસા :** શિક્ષકની અસરકારકતા માટે શિક્ષકની જિજ્ઞાસાવૃત્તિ અને તેની જ્ઞાનપિપાસા વૃત્તિ અસર કરે છે. સદૈવ શીખતાં રહેવાની અને શીખવતા રહેવાની તત્પરતા પણ એટલી જ જરૂરી છે. જેના પ્રત્યેક કર્મનાં જ્ઞાનનો વિનિયોગ થતો હોય અને જ્ઞાન મેળવવા માટે સદા ઉત્સુક હોવા જરૂરી છે. જ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખાનો નિરંતર અભ્યાસી હોય, જ્ઞાનના અતલ, અગાધ મહાસાગરમાંથી જ્ઞાનના મૌક્તિકો પામવા માટે સતત મથતો હોય, વિદ્યાર્થી માટે જંગમ વિદ્યાપીઠ સમો હોય તેવો શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવી શકે છે.

**● ચારિત્ર્ય અને નૈતિક ગુણો :** શિક્ષકની અસરકારકતા માટે ઉત્તમ અને ઉમદા પ્રકારનું ચારિત્ર્ય એટલું જ જરૂરી છે. "Character is the bundle of habits" શિક્ષકના ઉચ્ચ ચારિત્ર્ય અને નૈતિક ગુણોનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર પડ્યા વિના રહેતો નથી. તેના દૈનિક કાર્યો અને વ્યવહાર દ્વારા બાળકોમાં ધૈર્ય, પ્રેમ, સહકાર, પરોપકાર, દેશપ્રેમ, કર્તવ્યનિષ્ઠા, સેવાભાવ, અન્ય પ્રત્યે આદરભાવ, સમભાવ તથા સદ્ભાવના જેવા ગુણો હોવાં જરૂરી છે.

**● સહાનુભૂતિ અને મૈત્રીપૂર્ણ વ્યવહાર :** શિક્ષક એ તો પ્રેરણાની આદ્યગંગોત્રી છે. શિક્ષકમાં સહાનુભૂતિ કે અનુકંપાનું ભાથું ભારોભાર ભરેલું હોવું એટલું જ જરૂરી છે. અસરકારક શિક્ષણ માટે પોતાના બાળકો, અન્ય સાથી શિક્ષક મિત્રો સાથે તેમજ વાલીઓ સાથેનું વર્તન સહાનુભૂતિવાળું હોવું જરૂરી છે. વિદ્યાર્થી સાથે Friend, Philosopher અને Guide

તરીકે કાર્ય કરવાનું છે.

**● વિષય પરનું પ્રભુત્વ :**

જે શિક્ષક પોતાના વિષય પર આગવું પ્રભુત્વ ધરાવી શકતો હોય અને સારું ઉત્તરદાયિત્વ પણ સારી રીતે નિભાવી શકતો હોય તે જ શિક્ષક વર્ગમાં અસરકારક શિક્ષણ કરી શકે છે. આવો શિક્ષક સતત વિસ્તરતી જતી જ્ઞાનની ક્ષિતિજોને આંબવા નિરંતર અધ્યયનશીલ હોય છે. આ માટે શિક્ષકે આજીવન વિદ્યાર્થી રહીને પોતાના વિષયનું સતત અનુશીલન અને પરિશીલન કરતાં રહેવું જરૂરી છે.

**● અધ્યાપનમાં અભિરૂચિ :**

શિક્ષણ પ્રત્યે અભિરૂચિ ધરાવનાર શિક્ષક જ વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. તેના અધ્યાપન કાર્યમાં ધર્મ અને કર્મ વણાઈ ગયેલાં એટલાં જ જરૂરી છે. તેની પાસે પોતાનું શિક્ષણ દર્શન હોવું એટલું જ જરૂરી છે. પોતાના વિષયમાં સમર્પિત શિક્ષક જ અસરકારક શિક્ષણ કાર્ય કરી શકે છે. શિક્ષકે વિદ્યાર્થીઓનું સતત નિરીક્ષણ અને સતત મૂલ્યાંકન કરતાં રહીને તેને અધ્યનમાં રસ પડે તેવા નવીનતમ પ્રયોગ કરવા, વિશિષ્ટ અધ્યાપન અનુભવો પૂરા પાડવા, આદર્શ અધ્યયન પરિસ્થિતિઓનું નિર્માણ કરવું વગેરે પ્રયત્નો દ્વારા વિદ્યાર્થીને અધ્યયન માટે અભિપ્રેરિત, તત્પર અને સભાન કરતો રહે તે પણ એટલું જ જરૂરી છે.

**● બાળ મનોવિજ્ઞાનનું જ્ઞાન :**

શિક્ષકને અસરકારક શિક્ષણ કાર્ય કરવા માટે બામળકોનાં રસ, રૂચિ અને અભિયોગ્યતાની જાણકારી એટલી જ જરૂરી છે. બાળકોના વ્યક્તિત્વના વળાંકો, તેમનામાં રહેલાં વ્યક્તિગત તફાવતોથી પણ સુમાહિતગાર રહેવું જરૂરી છે. આવા શિક્ષક બાળકોની વયકક્ષા, શારીરિક, માનસિક, સાંવેગિક, સાપાજિક વિકાસને ધ્યાનમાં રાખીને અધ્યાપન કરતો હોય તે જરૂરી છે. બાળકોની સમસ્યાઓ, તેના અનુકૂલનના પ્રશ્નો સમજીને શિક્ષણકાર્યનું આયોજન કરતો રહે તે જરૂરી છે.

**● બાલકેન્દ્રી શિક્ષણમાં આસ્થા :**

કુશળ અધ્યાપન કાર્ય કરવા માટે બાલકેન્દ્રી શિક્ષણમાં શ્રધ્ધા અને વિશ્વાસ હોવો જરૂરી છે. બાળકોની સમસ્યાઓથી પરિચિત હોય, તેમના વ્યક્તિગત પ્રશ્નોથી વાકેફ હોય તેવા શિક્ષક જ કુશળ અધ્યાપનકાર્ય કરી શકે છે.

**● નવા વિચારો, નવા પ્રયોગો અને સંશોધન વિભાગ :**

અસરકારક શિક્ષણ કાર્ય કરવા માટે શિક્ષણક્ષેત્રે પ્રવર્તમાન વિચારોની જાણકારી શિક્ષક માટે એટલી જ જરૂરી છે. આ માટે નવીન પ્રયોગો અને પ્રોજેક્ટ્સ પણ હાથ ધરવાં જરૂરી છે. વર્ગખંડમાં ઉદ્‌ભવતી સમસ્યાઓના નિરાકરણ માટે ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવાં જરૂરી છે. વર્ગખંડમાં શિક્ષણને લગતા સંશોધનોથી પરિચિત રહી તેનો વર્ગખંડમાં યોગ્ય વિનિયોગ કરતો હોય તે જરૂરી છે.

**● પ્રત્યાયનની યોગ્ય કળા :**

શિક્ષક હંમેશા વિદ્યાર્થી માટે પ્રેરણાનો મુખ્ય સ્રોત બની રહેવો જોઈએ. શિક્ષક પાસે પ્રત્યાયનની યોગ્ય કળા હોવી આવશ્યક છે. પોતાના જ્ઞાનનું યોગ્ય વિતરણ અને સંક્રમણ કરી શકે તે માટે વિવિધ પ્રકારનાં દશ્ય શ્રાવ્ય ઉપકરણોની પસંદગી અને તે ઉપકરણોનો યોગ્ય ઉપયોગ કરવાનું કૌશલ્ય પણ જરૂરી છે.

**● હકારાત્મક અભિગમ :**

શિક્ષણના વ્યવસાયની સફળતા માટે શિક્ષકનાં વિધાયક વલણો મહત્ત્વનો ભાગ ભજવે છે. હકારાત્મક અભિગમના પરિણામે શિક્ષક વિદ્યાર્થીઓ પર પ્રભાવક અસર પાડી શકે છે. શિક્ષકમાં પોતાના વ્યવસાય પ્રત્યે નિષ્ઠા, કર્તવ્યપાલન, એકાગ્રતા, વિદ્યાર્થી વત્સલતા જેવા ગુણો એટલાં જ જરૂરી છે. તેમનામાં નમ્રતા, સૌજન્ય,

વિવેક, નિર્ણયશક્તિ જેવા ગુણો પણ અપેક્ષિત છે. તેમનામાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જેવા લોકશાહી મૂલ્યો પ્રત્યે આદરભાવ અત્યંત જરૂરી છે. આ ઉપરાંત તટસ્થતા, પૂર્વગ્રહરહિતતા, રાષ્ટ્રપ્રેમ, બિનસાંપ્રદાયિકતા જેવાં મૂલ્યો કેળવાયેલાં હોય તે પણ જરૂરી છે. પોતાના વ્યવસાય પ્રત્યે આદર અને શ્રધ્ધા હોવાં જરૂરી છે.

**● શિક્ષણ માટે ભાવાવરણ રચવું :**

જે શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે વિશ્વાસ પ્રતિપાદિત કરી શકે તે જ શિક્ષક અસરકારક શિક્ષણ કરી શકે છે. આ માટે શિક્ષકમાં સ્પષ્ટ ભાષા, ઉચ્ચાર, સરળ રીતે સમજી શકાય તેવા શબ્દ પ્રયોગ અને સાહજીકતા પણ એટલી જ જરૂરી છે. આ ઉપરાંત શિક્ષકના હાવભાવ, બોલવાની ગતિ, અવાજની કક્ષા, સામી વ્યક્તિઓની લાગણીઓ અને અભિવ્યક્તિ પણ એટલી જ જરૂરી છે.

**● વિવિધ પધ્ધતિઓનું આયોજન :**

શિક્ષણને અસરકારક બનાવવા માટે ચર્ચા, પ્રશ્નોત્તર, જૂથકાર્ય, નિદર્શન, પ્રોજેક્ટ જેવી વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરીને શિક્ષણ કરવામાં આવે તો અસરકારક શિક્ષણ કરી શકાય.

**● પ્રવૃત્તિ કેન્દ્રી શિક્ષણ :**

શિક્ષણ કાર્ય રસપ્રદ, આનંદદાયી અને અસરકારક બને તેમજ ગુણવત્તા સભર શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મસાત થાય તે માટે શિક્ષક દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ થાય તે પણ જરૂરી છે. પ્રવૃત્તિ દ્વારા વર્ગખંડમાં વાતાવરણને જીવંત, ક્રિયાશીલ અને ચેતનવંતુ બનાવી શકે છે. વિદ્યાર્થીને પારંગતતાની કક્ષાએ લઈ જઈ શકે છે.

**● ઉપસંહાર :**

શિક્ષક આદર્શ પ્રત્યાયન-કાર હોવો જોઈએ. તેનું કાર્ય પ્રેષક તરીકેનું છે, જ્યારે વિદ્યાર્થીનું કાર્ય રિસીવરનું છે. શિક્ષકે તેનાં સંદેશાનું કે માહિતીનું નિરૂપણ એવી રીતે કરવાનું છે કે રિસીવર (વિદ્યાર્થી)ને બહુકેન્દ્રીય જ્ઞાન મળે. આ માટે શિક્ષકે યોગ્ય માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો પૂરા પાડવા એટલા જ જરૂરી છે. સમગ્ર વર્ગખંડમાં શિક્ષકનું પ્રત્યાયન દ્વિધ્રુવી, બહુ માધ્યમી (Multi-Mediate) પ્રેરક અને અદ્યતન હોય તો જ શિક્ષણ અસરકારક બની શકે છે.

**આસિ. પ્રોફેસર, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ.**

# વાંચનથી વિકાસ સુધી

- ડૉ. રમેશ પટેલ

યુનોના હેવાલના અનુમાન મુજબ વિશ્વમાં ૨૧મી સદીમાં યુવાનોની સંખ્યા એક અબજના આંકડાને વટાવી જશે. યુવાનો કોઈ પણ રાષ્ટ્રનું હૃદય છે. ભારતનું ભાવિ યુવાનો જ ઘડી શકશે. કોઈ પણ રાષ્ટ્રનું રાષ્ટ્રીય ચારિત્ર્ય તે રાષ્ટ્રના સરેરાશ યુવાનના ચારિત્ર્ય પર જ આધાર રાખે છે. રાષ્ટ્રનો યુવાન વિચારવાન-રાષ્ટ્રપ્રેમથી છલકાતો અને રાષ્ટ્ર માટે ફના થવા થનગનતો હોય તો જ ચારિત્ર્યવાન બની શકે. યુવાનના વિચાર ઘડતરમાં ખૂબ મોટો ફાળો વાચનનો છે. જે વાંચે છે તે જ વિચારે છે, જે વિચારે છે તે જ વિહરે છે તે જ વિકસે છે. માટે જ આજના યુવાનને વાંચતો કરવો એ પાયાની જરૂરિયાત છે.

આજની યુવાપેઢી તરફ નજર નાંખીએ તો વાચનનું દારિદ્ર જોવા મળે છે અરે ! યુવાનોને ભણાવનાર શિક્ષકો, અધ્યાપકો અને આચાર્યોમાં પણ વાચન તરફની ઉદાસીનતા જોવા મળે છે. આમ તો કોઈ પણ વ્યક્તિની અભિવ્યક્તિ વાચન અને શ્રવણ પર આધારિત છે. એ કૌશલ જેટલું સબળ એટલી મૌખિક-લેખિત અભિવ્યક્તિ જોરદાર. વાતની વાત એ છે કે, આજની પેઢીમાં વાચનનું વ્યસન કેવી રીતે લગાડાય ??? ગુટકા, તમાકુ, બીડી અને અન્ય વ્યસનો છોડીને યુવાપેઢી વાચનનું વ્યસન શી રીતે પ્રાપ્ત કરે એ આજનો પ્રાણપ્રશ્ન છે !? આમને આમ ચાલશે તો વિચારહીન પેઢી પ્રાપ્ત થશે !!!

વાચન એક કળા છે તેને હસ્તગત કર્યા વિના જ્ઞાનરૂપી પરબડી સમાન પુસ્તકોની દોસ્તી ન થઈ શકે. ભૂતકાળમાં ઈશુના મૃત્યુ પછી સાડા અઢારસો વરસ સુધી જ્ઞાન સ્થિર હતું. એ પછી દોઢસો વર્ષમાં એ જ્ઞાન સાડા અઢારસો વરસ જેટલું વધ્યું. દોઢસો વરસમાં જે વધ્યું તેટલું તે પછીના પંદર વર્ષમાં વધ્યું. આજે તો પંદર વર્ષમાં વધ્યું તેના કરતાંયે અનેકગણુ જ્ઞાન દર બે વર્ષે વધે છે. અર્થાત્ જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. યુનેસ્કોના એક હેવાલ મુજબ વિશ્વમાં વર્ષમાં પાંચ લાખ જેટલાં પુસ્તકો પ્રકાશિત થાય છે !! વિશ્વમાં રોજનાં પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો અને અન્ય સ્વરૂપે લગભગ પચાસ હજાર પાનાનું સાહિત્ય વિસ્ફોટ થાય છે. આટલું જથ્થાબંધ મહાસાગર જેટલું સાહિત્ય માહિતી સ્વરૂપે પ્રગટ થતું હોય ત્યારે એકવીસમી સદીની યુવાપેઢી વાચનથી વંચિત રહે તે કેમ પ઼રવડે ?? વાચન એ ભાષાનાં ચાર કૌશલ્યોમાંનું એક અર્થગ્રહણાત્મક કૌશલ છે. લખેલા શબ્દો કે ભાષાના ધ્વનિઓના દશ્ય ઓળખીને તેનો અર્થ સમજવાની પ્રક્રિયા એટલે વાચન. વાચન એ ભાષાનું દશ્ય સ્વરૂપ છે. તે સ્વીકારાત્મક અને સર્જનાત્મક કૌશલ્ય છે. વાચન એ આપણા જીનનું સાચું પ્રતિબિંબ છે. પુસ્તકો આપણા સાચા મિત્રો છે. આપણા જીવનની શીળી છાયા છે. સુખદુઃખના સાચા સાથીદાર છે. ગાંધીજી, સોક્રેટિસ, લિંકન, નહેરુ કે વિનોબાજીનું જીવન તપાસીશું તો તેમના જીવનઘડતરમાં વાચનનો ખૂબ મોટો ફાળો છે. વિનોબાજીએ તો એટલું વાંચ્યું હતું કે, જિંદગીનાં પાછલાં વર્ષોમાં વાંચવાનું જ છોડી દીધું હતું. આજના યુવાનો તો વાંચવાની શરુઆત કરતાં પહેલાં જ વિ઼નોબા બનવા મથે છે !!! વાચન એ નિર્દોષ, સુંદર, શાંત અને આનંદની અનુભૂતિ કરાવે એવી પ્રવૃત્તિ છે. વાચન એકલો માણસ ગમે ત્યારે, ગમે તે સ્થળે કરી શકે છે. વાચન જો ટેવ બની જાય તો બેડો પાર !! વાચનની શરૂઆત ભલે ગુલશંદ નંદાથી થાય, પણ ધીમેધીમે વાચક ઉત્તમ કૃતિઓ તરફ વળવો જોઈએ.

વાચનમાં રૂચિ આવ્યા પછી વાચનની ઝડપ પણ વધવી જોઈએ. સામાન્ય રીતે વાચકની સામાન્ય ઝડપ એક મિનિટના ૨૦૦ થી ૨૫૦ શબ્દોની હોય છે. મહાવરા પછી તે ૪૫૦ થી ૫૦૦ શબ્દો સુધી પહોંચી શકે છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ કેનેડી સમાચારપત્રના દર મિનિટે ૧૦૦૦ શબ્દો વાચી શકતા હતા. જેની વાચનની ઝડપ હોય છે તેનું અર્થગ્રહણ પણ જોરદાર હોય છે. દરેક વાચકે પોતાની વાચન ઝડપ માપીને વધારવાનો પ્રયાસ કરવો જોઈએ. દરેક વાચકને તેને ગમતું પુસ્તક મળી રહે તેવો પ્રયાસ થવો જોઈએ.

આપણા ગુજરાતમાં વાચનનું પ્રમાણ ઠીકઠીક વધી રહ્યું છે. ટી.વી. અને અન્ય લોક માધ્યમોના પ્રહાર વચ્ચે પણ વાંચવા માટેના પ્રયોગો થતા રહ્યા છે. લોકમિલાપ દ્વારા મહેન્દ્ર મેઘાણી એકલવીર બનીને ગુજરાતની યુવાપેઢીને વાંચતો કરવાનો જબરો પુરુષાર્થ કરી રહ્યા છે. 'અરધી સદીની વાચન યાત્રા'ના પ્રથમ બે ભાગની બે વર્ષમાં પોણો લાખ નકલો ગુજરાતનાં પરિવારોમાં રમતી કરવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું છે. તેનો ત્રીજો ભાગ તાજેતરમાં માં પ્રગટ થયો છે. ત્રણે ભાગનું બે હજાર જેટલા પાનાનું વાચન ખૂબ સામાન્ય કિંમતે ગુજરાતને આપ્યું છે.

**આસિ. પ્રોફેસર, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ.**

# M-learning

- ડૉ. જી. એસ. પટેલ

વર્તમાન સમયમાં e-learning અને distance Education (દૂરવર્તી શિક્ષણ)નો ખ્યાલ પ્રચલિત છે. પરંતુ ધીરે-ધીરે હવે આપણે e-learning પરથી M-learning (mobile learning) તરફ જઈ રહ્યા છીએ. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના કારણે સેલફોન દ્વારા અભ્યાસ કરવાનું શક્ય બન્યું છે. વિદેશી યુનિવર્સિટીઓમાં M-learning દ્વારા ઘણા બધા અભ્યાસક્રમો શીખવવામાં આવે છે. ભારત પણ M-learningની દિશામાં આગળ વધી રહ્યું છે તેમ કહી શકાય. M-learning વિશે વાત કરીએ તો ઈ.સ.૧૯૯૧માં Apple કંપની દ્વારા "Orange Grove middle school of Tuscon નાં સહયોગથી "Apple Classrooms of Tomorrow (ACOT)" શરૂ કરવામાં આવી. જે અંતર્ગત મોબાઈલને વાયરલેસ કનેક્ટીવીટીથી જોડવામાં આવ્યા અને તેના દ્વારા શિક્ષણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

M-learningની મદદથી વિદ્યાર્થી પોતાની સાનુકૂળ જગ્યાએથી અને સાનુકૂળ સમયે અભ્યાસ કરી શકે છે. વર્તમાન સમયમાં ખૂબ જ પ્રચલિત "Smartphone" અને "Anroide" સેલફોન જે અંતર્ગત ઘણા બધા Application સોફ્ટવેરનો ઉપયોગ થઈ શકે છે. આ ટેક્નોલોજીના વિકાસથી M-learning ને ગતિ પ્રદાન થઈ છે. M-learning માં મોટા પુસ્તકોને એક File સ્વરૂપે mobileમાં સંગ્રહી શકાય છે. અને તેનો ઉપયોગ કરી શકાય છે. IGNOU દ્વારા પણ e-learning અને M-learningના વિકાસ માટે January-2012થી e-learning અને M-learningનાં PG Diploma course શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત e-learning /M-learning માટેના સાહિત્યનું નિર્માણ, ઉપયોગ વગેરેની તાલીમ આપવામાં આવે છે. માનવસંસાધન વિકાસ મંત્રી શ્રી કપિલ સિમ્બલ દ્વારા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલી "AKASH" tabletની જાહેરાત પણ M-learningના વિકાસની દિશામાં થયેલો પ્રયાસ છે.

● **M-learning*ના લાભ અને મર્યાદાઓ :***

*લાભ :*

- સાનુકૂળ સમય, સ્થળે અભ્યાસ શક્ય છે.
- સોફ્ટવેરની મદદથી મોબાઈલથી જ અસંખ્ય પુસ્તકોનો સંગ્રહ
- વિદ્યાર્થીને અભ્યાસ પ્રત્યે રૂચિ જન્મે છે. અભ્યાસનું ભારણ ઘટે છે.
- વિદ્યાર્થીની ક્ષમતા અનુસાર શિક્ષણ પ્રક્રીયા હાથ ધરી શકાય.

*મર્યાદા :*

-મોબાઈલની સંખ્યા, કિંમત, GPRS connectivity અને Battry lifeના પ્રશ્નો.
- વિદ્યાર્થીનાં મોબાઈલના ઉપયોગ અંગેની મર્યાદિત જાણકારી
- M-learning નું મૂલ્યાંકન કઈ રીતે કરવું તે અંગે અસ્પષ્ટતા.
- M-learning માટેના સાહિત્ય નિર્માણની મુશ્કેલી
- વારંવાર થતા ટેક્નોલોજીકલ ફેરફારો વગેરે.

આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે એવું કહી શકાય કે ભારત વિકસિત બનવા માટેના પ્રયત્નો કરી રહ્યું છે તો શિક્ષણ પ્રક્રિયામાં વૈશ્વિક સ્તરે આવતા પરિવર્તનો પણ ભારતે પોતાની સંસ્કૃતિ અને મૂલ્યોને ધ્યાનમાં રાખીને સ્વીકારવા જોઈએ.

**અધ્યાપક સહાયક, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ.**

## મોહન

મથુરા મૂકીને મોહન પાછો તું આવ,
દઉ તને તારી વાંસળીના સમ
તુજ વિણ ગોકુળના વાયરા વિસમ.

વનરાવનની વાટે જે શમણાના ખાટે
એકલતાની કીડીઓ અમને ચટકી
વળી વળીને જાઉં હું પાછળ,
કોણ હવે ફોડે મહીની મટકી.

તારું નામ લેતા રાધાનો ઘૂંટાય છે દમ
તુજ વિણ ગોકુળના વાયરા વિસમ

ગાયોના ધણ રોઈ કરે ફરિયાદ
પાછા ન આવ્યા એ વાંસળીના સૂર
પાણીનું તો ટીપુય નથી
આવ્યા યમુનામાં આંસુના પૂર

કદમ્બની ડાળી જેમ થોડુંક તો નમ.

- પટેલ પ્રીતિ

## આમ જુઓ તો...

આમ જુઓ તો મને મળું છું, આમ જુઓ તો તને.
ભીતર ઉતરી હાથ મીલાવું, ને પામું છું તને.
ઉંબરથી પકડીને હાથ
પાદરે લઈ ગઈ ફળી
હું વિસ્તરેલો ગલનો ગોટો
ને તું સાવ નાજુક કળી
સીમને છેડે હું મને જોઉં છું, ને વાડમાં જોઉં તો તને..
આમ જુઓ તો ...
જોતા તને હૈયાના રણમાં
મૂકી ગયું કોઈ પાણી
હેતની કોઈ હેલી કાઢી !
કોણે કીધી લાગણીની લ્હાણી
પોપચામાં જોઉં તો મને મળું છું, ને પાપણોમાં તને...
આમ જુઓ તો ...
બની વાંસળી સૂરમાં
હું નિતરતો પ્રથમ પ્હોર
ખટઘડીનું જાગરણ પેલું
પહેરો ભરતું ચારે કોર
ઝૂલણામાં મને મળું છું, ને કડતાલમાં જોઉં તો તને
આમ જુઓ તો...

- દરજી અભિષેક

## મારું શું કામ ?

યાદોના પછવાડે ડોકિયા કરે
ને આપે ના પોતાનું નામ
એને પૂછો ને, મારું શું કામ ?

સપનાની ઓસરીમાં હિંચકો બાંધે ને
પછી સુરો સથવારે મને હિંચે.
હરિયાળા હેતથી હળવેથી કોઈ
મારા યૌવનને ઉમંગો સીંચે.

શોધું શોધું ને મને ક્યાંય જડે ના એનું ઠામ...
એને પૂછોને, મારું શું કામ !

ઉછળે ઉર્મિઓ મદઘેલી બનીને
ફોરું હું ફાગણના વ્હાલમાં
પગલાં બનીને પલળતી રહું
નીતરતા અબીલને ગુલાલમાં.

મનના મોરલાના પીંછે મેં ચીતર્યું સાત રંગનું ધામ...
અને પૂછોને, મારું શું કામ ?

- મન્સુરી ઉઝમા

## જિંદગી

સમયની સરવાણીઓમાં વિંટળાય છે જિંદગી
રેગિસ્તાનની વણઝારમાં ગૂંચવાય છે જિંદગી.

મઝધારે રહી દરિયાના ઘૂઘવતા મોજા સમી છે જિંદગી
ક્યાંક બની બહાર ખુશનુમા હવા છે જિંદગી.

ચમન તણી મહેંકતી મદમસ્ત છે જિંદગી
કંટકોને વિખેરી સદાબહાર છે જિંદગી.

સંધ્યાની લાલીમામાં કંઈક નિરખતી જિંદગી
કહે કોઈ આગ પર દહેકતી જિંદગી.

ગુલિસ્તામાં વીણેલા કંટક સમ જિંદગી
પાનખરમાં ખરેલા પાન સમ જિંદગી.

શું હોય નિસ્તેજ સૂર્યની કાલિમા સમ જિંદગી
જો જીરવવી હોય તો સ્વર્ગમય છે જિંદગી.

હકીકતમાં આ એક ઈમ્તિહાન છે જિંદગી
આગળ વધો તો મંજિલ સુધી પહોંચાય છે જિંદગી.

જીવનનું જ આ બીજું નામ છે 'સફર'
ચાલવાનું કહી પોતે ચાલી જાય છે જિંદગી.

- અમિતસિંહ 'સફર'

## જો તું બને ગગન

જો તું બને ગગન તો હું બની જાઉં ધરતી
ને મળવાનો આભાસ થતો હોત ક્ષિતિજથી
તડપું છું તરસું છું તારા પ્રેમમાં
ક્યારે તું વરસીશ મુજ અગનમાં
જો તું બને ગગન....
આવી ગઈ વેળા પ્રેમમિલનની
તું રડ્યો ને હું ભીંજાઈ વર્ષામાં
કળીએ કળીએ ખીલે છે આ વૃક્ષો
ને સાક્ષી પૂરે છે આપણા પ્રેમમિલનની
જો તું બને ગગન....
મોરલિયા ગૂંજે છે પ્રેમગીતો બનીને
ને હું મલકાઉં છું તારી ભીનાશની સાડી પહેરીને
ડરું છું તારા ગડગડાટથી ને ચમકારથી
ધ્રુજી ઉંઠું છું તારા પ્રેમપ્રકોપથી
જો તું બને ગગન....
પણ જ્યારે તું વરસે છે શાંત વાદળે
તો અનુભવું છું તારા પ્રેમની એક એક બુંદને
ના જાય આ વેળા પ્રેમમિલનની
પણ મજબૂર છીએ પ્રકૃતિથી
જો તું બને ગગન....
સમય સરકી જાય છે હાથમાંથી
ને દૂર થઈ જવાય છે એકબીજાથી
રાહ જોઉં છું ક્યારે થાશે ફરી પ્રેમમિલન
ને ક્યારે ગાશે મોરલિયા ગીતગૂંજન
જો તું બને ગગન....

- દરજી પારૂલ

## સાજણ

સહીયર મ્હારા સાજણે મને બે પાંપણથી ઘેરી
શરમથી અજવાળી મેં તો રોમ-રોમની શેરી
વાદળી જેમ વરસ્યા,
ને વરસાદમાં વ્હાલમનું નામ.
જીવતે-જીવત ઈશ્વર જેવો,
રાખી મુજને મળ્યો મુકામ.

એના નામનું મંદિર માનું કે એના નામની દેરી,
સહીયર મ્હારા સાજણે મને બે પાંપણથી ઘેરી.
બ્હાવરી બનીને હું તો,
સપનાના હિંચકે હિંચુ.
હૈયાના પછવાડે હું તો,
વ્હાલમની યાદોને સીંચું.

ઘનઘોર અંધારી રાતમાં આવ્યા અજવાળું પહેરી,
સહીયર મ્હારા સાજણે મને બે પાંપણથી ઘેરી.

- ચાવડા ડિમ્પલ

## આપણા દેશમાં લોકશાહીનો સાચો અર્થ સર્યો નથી

૨૬ જાન્યુઆરીઘ ૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ બન્યો અને આજે ભારત દેશ દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. પરંતુ એ ગર્વની સાથે દુઃખ પણ છે કે ખૂબ ઉમંગથી કંસાર તો રાંધ્યો પણ એ થૂલી કેવી રીતે બની ગયો ? એટલે કે ડગલે ને પગલે એવું શા માટે થાય છે કે આપણે લોકશાહી ને સાર્થક કરી શક્યા નથી.

એક સમય એવો હતો કે જ્યારે શાસક પક્ષ તરફથી કોઈ સારું કાર્ય થાય ત્યારે વિરોધ પક્ષના નેતા તે કાર્યને ઉમળકાભેર વધાવી લેતા અને ખુલ્લા હૃદયે બિરદાવતા તદ્‌ઉપરાંત જ્યારે શાસક પક્ષે લીધેલા નિર્ણય વિરોધ પક્ષને બરાબર ન લાગે ત્યારે તેઓ તે નિર્ણયનો વિરોધ કરવાનું ચૂકતા પણ ન હતા. આવું સુખદ ચિત્ર હતું સાંસદનું પણ ધીમે ધીમે એ ચિત્ર ધૂંધળું થવા લાગ્યું. કહેવાય છે કે સાંસદ એવો અરિસો છે કે જેમાં દેશની ગતિવિધિઓનું પ્રતિબિંબ ઝીલાય છે. જ્યારે જવાહરલાલ નહેરુ વડાપ્રધાન હતા ત્યારે એમણે કહેલું, 'શિસ્ત, સહનશક્તિ અને પરસ્પર આદર હોવો એ લોકશાહીની માંગ છે. એવી રીતે લોકશાહીની ટૂંકી વ્યાખ્યા એ છે કે દેશમાં સારું-ખરાબ જે થાય એ 'મારું' નહીં પણ 'આપણું' છે. પરંતુ આ વ્યાખ્યાને બદલવામાં જરા પણ સમય લાગતો નથી. માટે યશ ખાટી જવાની પડાપડીમાં અંગત સ્વાર્થ આવે છે. ત્યારે દેશનું હિત જોખમાય છે.

લોકશાહીનો અર્થ સાર્થક કરી શક્યા નથી. તેનું બીજું કારણ એ છે કે દેશના ઘણા લોકો અશિક્ષિત છે. અને જે ભણેલા છે તે સાચા અર્થમાં શિક્ષિત નથી કારણ કે આપણી વચ્ચે એવા ભણેલા વ્યક્તિઓ છે કે જે પોતાના નાનકડા ફાયદા માટે અયોગ્ય ઉમેદવારને પાંચ વર્ષ સુધી સાંસદમાં મોકલી આપે છે. તેમજ થોડાક દેશદાઝ ધરાવતા લોકો માટે પાંચ વર્ષ સુધી લોકશાહીના ખેલમાં નાનકડું પાત્ર ભજવવા સિવાય બીજું કોઈ કાર્ય કરતાં નથી. એક મહાન લેખકના શબ્દો છે 'અજ્ઞાનતા લોકશાહીને ખોખલી બનાવી દે છે અને સંસ્કારીને પણ ઢોર બનાવી દે છે. એવી લોકશાહી જે ઢોર જેવા ગમાર લોકો દ્વારા ચૂંટાયેલી અને ઢોર જેવા લોકો માટે બનેલી હોય છે.'

- શ્રીવાસ્તવ પ્રિયંકા

## નીલ માધવ

ભારતના પૂર્વ કિનારા તરફ સમુદ્રકિનારે જગન્નાથપુરી નામે નગરી છે. આજથી હજારો વર્ષ પહેલાં પુરીમાં ઈન્દ્રધુમ્ન રાજાનું રાજ્ય હતું. તેણે આ નગરી વસાવી હતી. કેવળ એ નગર ન હતું. પરંતુ તેની પાછળ ચોક્કસ યોજના કરીને આ નગરી વસાવી હતી. અતિશય સુંદર અને મનોહર નગરી હતી. રાજાને થયું કે મેં આ સુંદર નગરી તો વસાવી પરંતુ અહીં એક સુંદર મંદિર પણ હોવું જોઈએ. ઉત્કૃષ્ટ કલાકૃતિનો તે નમૂનો હોવો જોઈએ. લાખો રૂપિયા ખર્ચીને તેણે મંદિર બાંધવાની શરૂઆત કરી. ગામેગામથી આવેલા ઉત્કૃષ્ટ શિલ્પીઓએ ખૂબ સુંદર અને અદ્‌ભુત મંદિર બનાવ્યું તેમાં સોનાનાં ફૂલો અને હીરામાણેક જડવામાં આવ્યાં.

એક દિવસ પ્રાતઃકાળે એક બ્રાહ્મણ મુસાફર કરતો કરતો ત્યાં આવ્યો. બ્રાહ્મણે રાજા પાસે આવી તેની કલારસિકતા અને સૌંદર્યનાં ખૂબ ગુણગાન ગાયા અને તેમાં કોની મૂર્તી બેસાડશો તે વિશે પૂછ્યું. રાજાએ આ વિશે કંઈ વિચાર્યું ન હતું. બ્રાહ્મણે નીલ માધવની મૂર્તીની પ્રતિષ્ઠાનું સૂચન આપ્યું. રાજાએ બ્રાહ્મણના કહેવા પ્રમાણે નીલાચળ પર્વત ઉપર મૂર્તિની શોધ કરી પરંતુ મૂર્તિ જડી નહીં. રાજાએ નિરાશ થઈને ઢંઢેરો પીટાવ્યો કે જે નીલ

માધવની મૂર્તિ લાવશે તેનું ભવ્ય સન્માન કરવામાં આવશે.

આખરે વિદ્યાપતિ નામના એક પ્રખર બુધ્ધિશાળી જાસૂસે મૂર્તિ લાવવાનું બીડુ ઝડપ્યું. તે નીલાચળ પર્વત પાસે આવેલ ભીલોની વસ્તીમાંના શબરોના ટોળાંને મળ્યાં. તે લોકો ખૂબ શાંતિથી અને પ્રેમથી રહેતા હતા. વિદ્યાપતિએ શબરોનાં પ્રમુખને આ સુખ અને શાંતિનું કારણ પૂછતાં તેમણે નીલ માધવની કૃપા એવો જવાબ આપ્યો. નીલ માધવ ક્યાં છે ? તો તેનો જવાબ તે ના આપી શક્યા વધુ પૂછતાં જાણવા મળ્યું કે તેમનો સરદાર રોજ તેનું પૂજન કરે છે. વિદ્યાપતિએ સરદારની પુત્રીને પોતાની પ્રેમજાળમાં ફસાવી. ત્યારબાદ સરદારને નીલમાધવના દર્શન કરાવવાની વિનંતી કરી. સરદાર પોતાની પુત્રીને ખાતર દર્શન કરાવવાની હા પાડી. સરદારે એક શરત રાખી કે આખે રસ્તે તેની આંખે પાટા બાંધી લઈ જઈશ. બીજા દિવસે તેઓ દર્શન કરવા માટે ગયા. વિદ્યાપતિ પાકો જાસૂસ હતો. તેણે પોતાના ખિસ્સામાં રાઈના દાણા રાખ્યા હતા. તેણે આખે રસ્તે આ દાણા વેર્યા. આગળ જતાં તેઓ એક ગુફામાં દાખલ થયા. ત્યાં ભગવાનનાં દર્શન કરતાં તે દિગ્મૂઢ બની ગયો. એકાએક બારબાર સૂર્યના તેજથી ઝળઝળાટ થતી મૂર્તિ તેની સામે દેખાઈ. તેની આંખોમાં સરદારે અલગ પ્રકારનો ભાવ જોયો. સરદારે તેને ગુફામાં પૂરી દીધો.

સરદારની પુત્રીએ વિદ્યાપતિને શોધી કાઢી છોડાવી દીધો. વિદ્યાપતિ જગન્નાથપુરી આવીને રાજાને મળ્યો અને વિગતે આખી વાત જણાવી. રાજાએ પોતાના સૈન્ય અને વિદ્યાપતિને મૂર્તિ લેવા માટે મોકલ્યા. વિદ્યાપતિએ વેરેલા રાઈના દાણાનાં નાનાં-નાનાં છોડ ઉગ્યા હતાં. તેના એંધાણે તે ગુફામાં પહોંચ્યો પરંતુ નીલ માધવની મૂર્તિ અંતરધ્યાન થઈ ગઈ હતી.

રાજા પણ ખૂબ ઉદ્વિગ્ન બનીને સમુદ્ર કિનારે બેઠા હતા. ત્યારે નીલ માધવના દર્શન થયાં. રાજા એ મૂર્તિ અહંકારથી લેવા માંગતો હતો. તેથી તે અદશ્ય થઈ ગઈ. રાજાને પોતાનો વૈભવ એવી રીતે વાપરવાનું કહેવામાં આવ્યું જેથી લોકોમાં શ્રધ્ધા નિર્માણ થાય. રાજાને યજ્ઞ કરવાનું કહેવામાં આવ્યું. રાજાએ સો યજ્ઞ કર્યા. આ યજ્ઞોના પરિણામે લોકોના જીવન ભક્તિમય બન્યા. લોકો તેજસ્વી જીવન જીવવા લાગ્યા. રાજાએ નક્કી કર્યું કે 'હું ભગવાનને બોલાવીશ નહીં, તેને આવવું હોય ત્યારે આવે.' એક રાત્રે તેને ઊંઘમાં સ્વપ્ન આવ્યું કે 'આ અઠવાડિયામાં આ દરિયા કિનારે એક મોટું થડ તણાતું આવશે અને તેના ઉપર શંખ, ચક્ર, ગદાની આકૃતિ કંડારેલી હશે. તેમાંથી તું મૂર્તિ બનાવજે.' બે-ત્રણ દિવસ પછી શબર દીપમાંથી એક મોટું થડ તણાઈને આવ્યું. રાજા ખુશ થઈ થડને ભાવપૂર્વક પગે લાગ્યા.

થડને મંદિરમાં લાવ્યા તેમાંથી મૂર્તિ બનાવવા કારીગરો રાખ્યા. પરંતુ આશ્ચર્યની વાત તો એ હતી કે કારીગરો હથિયાર ચલાવવા જાય પણ હથિયાર ચાલતું જ નહીં. હોઠે આવેલો કોળિયો પડી જાય એના જેવી સ્થિતિ બધાની થઈ ગઈ. થોડાં દિવસોમાં એક વૃધ્ધ કારીગર ત્યાં આવ્યો. આંખે પુરું દેખાતું પણ ન હતું. તેણે કહ્યું 'રાજા હું ત્રણ અઠવાડિયામાં મૂર્તિ બનાવી આપીશ પરંતુ મારી એક શરત છે કે એકવીસ દિવસ આ ગભારાનાં બારીબારણાં બંધ રાખવા. આ ગભારામાં હું મૂર્તિ ઘડીશ.' રાજાને વૃધ્ધમાં વિશ્વાસ બેઠો. રાજાએ તેની ઉપર પૂર્ણ વિશ્વાસ મૂક્યો. તેનું નામ અનંત હતું. થડ સુપ્રત કરી મંદિરનાં ગભારાનાં બારી-બારણાંને તાળું માર્યું અને અનંત કારીગરે મૂર્તિ ઘડવાની શરૂઆત કરી.

આ બાબતે લોકો રાજાની ટીખળ કરતાં હતા. રાજાની રાણી રોજ તેમને બારી-બારણાં ખોલાવવા બાબતે કહેતી. તેને ડર હતો કે તે સોનાનાં ફૂલો અને ઝવેરાત કાઢી લેશે તો ? સાતમે દિવસે રાજા રાણીની વાતમાં વિશ્વાસ કરવા લાગ્યા અને દરવાજા ખોલવાની આજ્ઞા આપી. તપાસ કરી તો દરેક ઝવેરાત પોતાની જગ્યાએ હતા. ગભારો ખોલ્યો તો હાથ-પગ વગરની એક મૂર્તિ ત્યાં પડી હતી. તેને ફક્ત માથું હતું, અંદર તપાસ કરી તો જણાયું કે અનંત કારીગર ન હતો. તે અદશ્ય થયો હતો.

રાજાને ખૂબ દુઃખ થયું. તેણે કહ્યું, 'પ્રભુ મારા મંદિરની મૂર્તિ ઘડવા તું પોતે આવ્યો પણ મેં તારામાં વિશ્વાસ ન રાખ્યો. તે ગદ્‌ગદિત થયો. ત્યાં જ આકાશવાણી થઈ.

'આ મહાન કર્મયોગીનું મંદિર છે. તેમાં આ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કર. આ મૂર્તિ લોકોને આશીર્વાદ આપશે જીવનમાં આશ્વાસન આપશે અને શરણે આવેલાને માર્ગદર્શન આપશે. મારે કાંઈ જ લેવાનું નથી તેમ જ આપવાનું નથી. તેથી હાથ નથી. અહીંથી ક્યાંય જવાનું નથી તેથી પગ નથી. ફક્ત જોવાનું છે તેથી આંખો છે.'

આ મૂર્તિ જીવનની ત્રણ વાતો સમજાવે છે તે આશ્વાસન આપે છે, આશીર્વાદ આપે છે અને જીવનમાં માર્ગદર્શન આપે છે. ઘણાં લોકો ત્યાં ભગવાનના દર્શને જાય છે એ મોક્ષદાયિકા પૂરીમાં જઈ પોતાનું જીવન કૃતકૃત્ય સમજે છે.

- પંચાલ પ્રિયંકા

## લોકસાહિત્ય

'અલ્યા ભૈ, આ ગુજરાત છે !'

ઝવેરચંદ મેઘાણીએ મુંબઈમાં કીધેલા શબ્દો.

'ગામડું બોલે અને શહેર સાંભળે, તેનું નામ લોકસાહિત્ય.'

'અભણ બોલે અને ભણેલો સાંભળે, તેનું નામ લોકસાહિત્ય.'

'નિખાલસતા બોલે અને બુધ્ધિ સાંભળે, તેનું નામ લોકસાહિત્ય.'

'લોકસાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીમાં અનાયાસે રચાયેલું, લોક સંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલતું અને લોકજીવન સાથે સીધું સંકળાયેલું, પેઢી-દરપેઢીથી ઉતરી આવેલું, લોકનું સાહિત્ય એટલે લોકસાહિત્ય.'

લોકસાહિત્યનો સર્જક અનામી હોય છે એટલે કે લોકસાહિત્યનો કોઈ નામધારી સર્જક હોતો જ નથી. જનસમાજ લોકસાહિત્યનો સાચો સર્જક હોય છે લોકગીત કે લોકકથામાં તેના સર્જકનું નામ ક્યારેય જોવા મળતું નથી. તેનું કારણ એ જ છે એક-એક સ્ત્રીના કંઠમાંથી એક-એક પંક્તિ નીકળે અને લોકગીત તૈયાર થતું હોય છે. આમ, લોકસાહિત્ય એ સંઘોર્મિની પેદાશ છે. તેથી તેમાં કર્તુત્વનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સર્જકનું અજ્ઞાતપણું એ લોકસાહિત્યનું મૂળભુત લક્ષણ બની રહે છે.

લોકગીત અને લોકકથા મૂળભુત રીતે કંઠસ્થ સાહિત્ય છે. કૃતિ કંઠસ્થ હોવી એ લોકસાહિત્યનું આગવું લક્ષણ છે. લોકસાહિત્ય એ Performing Art છે.

'ડોશીમાં ડોશીમાં ક્યા ચાલ્યા ? છાણાં વીણવા'

' સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે કે વ્હાણેલાં ભલે વાયાં રે !'

લોકસાહિત્ય ભાવજગતનાં પાયા ઉપર રચાયેલું છે એ એવા લોકોનું સાહિત્ય છે કે જે પંડિત નથી પણ સરળ છે. એમ કહી શકાય કે સરળ માણસો દ્વારા સરળ શબ્દોમાં અને એનાથી પણ વધું સરળતાથી સર્જાતું ગવાતું અને સંભળાતું સાહિત્ય એટલે જ લોકસાહિત્ય. વગડામાં ઉગેલી વનરાઈ જેવું છે, એનું નથી કોઈએ વાવેતર કર્યું, નથી કોઈએ પાણી પાયું, નથી કોઈએ ખાતર નાખ્યું અને તેમ છતાં ઋતુ, ખાતર, પાણી અને બીજ ભેગા થવાથી જેમ છોડ ઊગે છે તેમ પ્રકૃતિના સહજ નિયમોને આધિન થઈને લોકસાહિત્ય જન્મે છે અને વિકાસ પામે છે.

'રૂડીને રંગીલી, વ્હાલા, તારી વાંસળી રે લોલ
વાંસલડી મારે મંદિરેયે સંભળાય જો.'

કોઈપણ પ્રદેશની લોકસંસ્કૃતિનો અભ્યાસ તેના લોકજીવનના માધ્યમ દ્વારા થઈ શકે છે. અને લોકજીવનને

સમજવા માટે તેના લોકસાહિત્યનો અભ્યાસ મહત્ત્વપૂર્ણ બની રહે છે. લોકસાહિત્ય પોતાની વિભિન્ન વિશેષતાઓ દ્વારા લોકસંસ્કૃતિનું સાચું અને સજીવ ચિત્ર આપે છે. 'વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં.'

શ્રી જયમલ્લ પરમાર કહે છે કે 'લોકસાહિત્યનું સર્જન આદિકાળથી થતું આવ્યું છે આદિમાનવ અરણ્યાવાસી હતો અને હજી ગ્રામોકૃષિ કે અન્યનો વિકાસ થતો નહોતો ત્યાર પહેલા માનવીમાં કૂતુહલ અને કૌતુક્નો રસ ઉત્પન્ન થયો.'

ઝવેરચંદ મેઘાણી નોંધે છે કે 'લોકસાહિત્ય એ બોલતી જનવાણીનો નિચોડ છે. સાહિત્યવાણીને વારંવાર એ લોકવાણીઓ પોતાનાં મેઘજળ પિવડાવીને વહેતી રાખી છે.'

'તારા વિના શ્યામ મને એકલડું લાગે.'

'કુંતા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે...'

- પરમાર વસંત

## વર્તમાન સમયમાં શિક્ષક સામેનાં પડકારો

અસતો મા સદ્ ગમય,

તમસો મા જ્યોતિર્ગમય.

અર્થાત્ મને અસત્યમાંથી સત્ય તરફ દોરી જા. મને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જા.

આજના સમયનું ચિત્ર જોતાં સમજાય છે કે આજનો આખો સમાજ ભ્રષ્ટાચાર, ભય, અંધશ્રધ્ધા, હિંસા, બેકારી જેવી બદીઓની નાગચૂડમાં ફસાઈ ગયો છે. સમાજના દરેક ક્ષેત્રને આજે જાણે સડો લાગી ગયો છે. સત્યની જ્યોતિ જલાવવા આજે આપણે વલખા મારવા પડે છે, એ સમયે આજનો સમાજ કોની પાસેથી અપેક્ષા રાખે ?

સોવિયેત સંઘના પતન બાદ આપણને અપ્રસ્તુત લાગતા માર્કસવાદનું એ તદ્દન સાચું અવલોકન છે કે સમાજના દરેક ક્ષેત્રનું પરિવર્તન કે જેમાંથી ધાર્મિક સંસ્થાઓ પણ બાકાત નથી તે પરિવર્તન આર્થિક સુધારાઓનું સીધું પરિણામ છે. અને દરેક ક્ષેત્રની માફક આર્થિક સુધારાઓની સીધી અસર શિક્ષણને પણ પડી છે.

પહેલાના જમાનામાં શિક્ષણ કુદરતના ખોળે અને ગુરુના આશ્રમમાં રહીને મેળવાતું. તેમાં જીવનનું જ્ઞાન મળતું આજે જાણે કેટલાક શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓનો વિદ્યાર્થી સાથેનો સંબંધ દુકાનદાર અને ગ્રાહક વચ્ચેના સંબંધ જેવો થઈ ગયો છે. સમાજનું દરેક ક્ષેત્ર જાણે વેપલો કરવાનો હક મેળવી બેઠું છે. ત્યારે આ સમાજ શિક્ષક પાસેથી કંઈક જુદી જ અપેક્ષા રાખે છે, અને એ અપેક્ષામાં ખરા ઉતરવું એ જ શિક્ષક સામેનો સૌથી મોટો પડકાર છે.

કેટલાક માત્ર વ્યવસાયિક લોકોએ શિક્ષણનાં પવિત્રયજ્ઞને યંત્રવત્ બનાવી દીધો છે. વરસતા વરસાદમાં બારી-બારણાઓ બંધ કરાવી, શિક્ષક વિદ્યાર્થીને વર્ષાઋતુ વિશે નિબંધ લખવાનું કહે છે અને આવી જ યંત્રવતતાથી શિક્ષણ વિદ્યાર્થી પર ભારરૂપ થઈ પડ્યું છે. શિક્ષણનો વ્યવસાય; કે જેને વ્યવસાય કહેતા પણ ડર લાગે એવા સેવાયજ્ઞને કેટલાક કલંકરૂપ વ્યક્તિઓએ પોતાના કુકર્મોથી અપવિત્ર કરી નાંખ્યો છે. અને તેથી જ આવા શિક્ષકો માટે કવિશ્રી કરસનદાસ માણેકની એ પંક્તિઓ યાદ આવે છે.

'ખીલુ ખીલું કરતાં માસુમ ગુલ,

સુમ શિક્ષકને સોંપાયા.

કારાગાર સમી શાળાનાં,

કાંઠા ઉપર ખડકાયા,
તે દિન આંસુ ભીના રે હરિના લોચનિયાં મે દીઠા !

તમામ વિકટ પરિસ્થિતિઓ વચ્ચે શિક્ષણના પવિત્ર સેવાયજ્ઞને પ્રજ્વલિત રાખવો અને પોતાની ગરીમાને અકબંધ રાખવી એ આજના શિક્ષક સામેનો મોટો પડકાર છે. બદીઓથી ભરેલાં આ સમાજને નવી દિશા ચિંધવાનો અને આ સમાજ, આ રાષ્ટ્ર, આ વિશ્વના ભાવિને સુરક્ષિત રાખવાનો પડકાર શિક્ષક સામે છે.

પરંતુ આ તમામ વિકટ પરિસ્થિતિની વચ્ચે પણ શિક્ષક જ આ સમાજને નવી દિશા ચિંધી શકશે. શિક્ષક જ સુવર્ણ સમાજનું ઘડતર કરશે.

- ઠાકર જયના

## શિક્ષણક્ષેત્રે રાજકારણનો પ્રવેશ અનર્થકારી છે !

આરબ અને ઊંટની એક બહુ જ જાણીતી વાર્તા છે. એકવાર એક આરબ પોતાના ઊંટને રણપ્રદેશમાં લઈને ગયો. ત્યાં તેને રાતવાસો કરવો હતો તેથી તેણે નાનો તંબુ બાંધી ઊંટને તંબુની બહાર બાંધી દીધો. થોડો સમય ગયો એટલે ઊંટે આરબને વિનંતી કરી કે 'મને પણ આ ઠંડીમાં તુબુમાં લઈ લ્યો ને !' એટલે આરબને ઊંટની દયા આવી. પણ નાનકડા તુબુમાં ઊંટને એ કેવી રીતે સમાવે ? તેથી તેણે ઊંટને માથું અંદર નાખવા દીધું. થોડીવારે ઊંટે કહ્યું, 'આ ફક્ત મારી ડોક અંદર નાંખવા દોને !' આરબે વળી એને ડોક અંદર નાખવા દીધી. થોડો સમય થયો એટલે ઊંટે આરબને કહ્યું, 'આ મારું અડધું શરીર...' આરબે ગમે તેમ સંકડાશ ભોગવીને એને અડધુ શરીર અંદર નાંખવા દીધું એટલે ઊંટે થોડા સમય બાદ કહ્યું કે, 'આ અડધા શરીર માટે શું કામ મને બહાર રાખો છો ?' એમ કહી એ આખોય તંબુમાં ઘુસી ગયો અને એણે આરબને જ તંબુની બહાર કાઢી મૂક્યો !

રાજકારણ સર્વકાલીન અને સર્વક્ષેત્રીય અર્થમાં ઊંટની ભૂમિકામાં જ હોય છે. જ્યારે શિક્ષણ વ્યક્તિમાં રહેલા માનવીય ગુણોને તેમજ તેની સુષુપ્ત શક્તિઓને તેનાં મૂળસ્વરૂપમાં બહાર લાવવાની ક્રિયા છે. તેથી જ શિક્ષણનું ક્ષેત્ર જેટલું સ્વાયત્ત અને સ્વતંત્ર હોય એટલો માનવ અને સમાજ બંનેનો વિશેષરૂપમાં વિકાસ થાય છે.

આત્મનિર્ભરતા એ શિક્ષિત વ્યક્તિની સૌથી મોટી ઓળખ છે. ભૂતકાળમાં ભારતવર્ષે જ સર્વક્ષેત્રીય ઉછાળ બતાવ્યો હતો તેનું મુખ્ય કારણ તેની શિક્ષણ પ્રણાલી રાજકારણથી સર્વથા અસ્પૃશ્ય હતી તે છે નાલંદા અને તક્ષશિલા એ તો બહુ મોટા નામો છે. ભારતે તો વેદકાલીન સમયથી જ રાજકારણથી અપ્ત શિક્ષણ પ્રણાલી દ્વારા ભવ્ય સમાજ વિકાસ સાધેલો. તપોવનોમાં અભ્યાસ કરીને વિદ્યાર્થી 'આત્મનો હિતાય અને જગત સુખાય' સમગ્ર જીવન વિતાવી શકતો.

પરંતુ ધીરે ધીરે શિક્ષણનાં ક્ષેત્રમાં રાજકારણનો પ્રવેશ થયો, એ સાથે જ શિક્ષણનાં અધ:પતનનાં શ્રી ગણેશ મંડાયા. રાજકારણને તમામ દુષણો સાથે પારીવારીક સંબંધ હોઈ જ્યાં તે પ્રવેશ કરે છે ત્યાં સ્વાર્થ, કપટ, જડતા અને ગમે તેવા હલકા સાધનોથી વિજય પ્રાપ્ત કરવાની લાલસાને સાથે જ લઈ જાય છે. પરિણામે શિક્ષણનું પવિત્ર કાર્ય કરનાર શિક્ષકો અને શિક્ષણનું ક્ષેત્ર કાવાદાવા અને ષડ્યંત્રોનું મેદાન બની જાય છે. અને તેથી વ્યક્તિ વિકાસ અટકીને ચારિત્ર્યનો બગાડ શરૂ થાય છે. રાજકારણ સર્વાંગે ભ્રષ્ટ અને માનવીય ચારિત્ર્ય વિકાસનું વિરોધી ક્ષેત્ર છે. રાજકારણનાં પ્રવેશથી શિક્ષણનું સમગ્ર ક્ષેત્ર સત્તાકરણ બની ગયું છે.

શિક્ષણનું કાર્ય વ્યક્તિ માત્રને વૈચારિક સ્વાતંત્ર્ય અર્પવાનું છે. જ્યારે રાજકારણ કાર્ય કરે છે વિચારશક્તિને કુંઠીત કરવાનું. આથી જ શિક્ષણક્ષેત્રે રાજકારણના પ્રવેશથી શિક્ષણપ્રણાલીનું મૂળભુત સ્વરૂપ જ બદલવા લાગે

છે. સ્વાર્થ, સંકુચિતતા અને શોષણનો પ્રચાર દિવસે-દિવસે વધતો જાય છે. જે શિક્ષણ દ્વારા માનવીય મૂલ્યોની જાળવણીના પાઠ શીખવા મળતાં હોય છે એ જ શિક્ષણ કેવળ ઉદરભરણનું સાધનમાત્ર બની જાય છે. અર્ધશિક્ષિત અને તેને જ કારણે અસંસ્કૃત રાજકીય વ્યક્તિઓ જ્યારે શિક્ષણક્ષેત્ર પર કાબુ મેળવી લ્યે છે ત્યારે સમગ્ર શિક્ષણવ્યવસ્થા એક માત્ર રાજકીય કાવાદાવા અને સત્તાની સાઠમારીનો અખાડો બની જાય છે. આની સમાજજીવન પર તીવ્ર પ્રતિક્રિયા જન્મે છે. રાષ્ટ્રપ્રેમનું સ્થાન સ્વકેન્દ્રી વિચારસરણી લઈ લે છે. સમાજજીવનને પોષતા અને ઉછેરતા અનેક મહામૂલ્યોની ઈમારતને લૂણો લાગે છે. અને ધીરે ધીરે રાષ્ટ્રપ્રેમ, માનવપ્રેમ વગેરેનાં કાંગરાઓ એક પછી એક ખરવા લાગે છે. આજે આપણે ભારત દેશમાં રાષ્ટ્રનાં મૂળીયા ખોદનારી બાબતો-જ્ઞાતિવાદ-કોમવાદ-સગાવાદને આકાર લેતી જોઈ-અનુભવી રહ્યાં છીએ.

શિક્ષણ એ સમગ્ર રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો પાયો છે અને આ શિક્ષણ સમાજ અને રાષ્ટ્રનિર્માણનું કાર્ય ત્યારે જ કરી શકે જ્યારે રાષ્ટ્ર અને સમાજને તોડનારા વિઘાતક પરિબળો ધરાવતાં રાજકારણથી શિક્ષણજગત સંપૂર્ણ પણે દૂર હોય, અસ્પર્શ્ય હોય. તેથી જ રાષ્ટ્રનાં સાંસ્કૃતિક, આર્થિક અને માનવીય વિકાસ માટે જરૂરી છે. રાજકારણથી તદ્દન અલિપ્ત શિક્ષણપ્રણાલી !

શિક્ષણ સ્વતંત્ર વિચારપ્રણાલીને જગાડીને વિકસાવવાનું કાર્ય કરે છે; જ્યારે રાજકારણને તો સ્વતંત્ર રીતે વિચારી શકતી વ્યક્તિ ખપતી જ નથી, કારણ કે વ્યક્તિનાં ઉદ્દાત મનબુધ્ધિનો કબજો લઈને, તેને કુંઠીત કરીને કેવળ ઘેટાશાહી પેદા કરવામાં જ રાજકારણનું હીત સમાયેલું હોય છે. આથી જ શિક્ષણનાં સામા છેડનાં મૂલ્યો ધરાવતા રાજકારણનો શિક્ષણમાં પ્રવેશ એ શિક્ષણને ખલાસ કરીને બીબાઢાળ, પરોપજીવી અને સ્વાર્થી સમાજનું જ નિર્માણ કરે છે. આમ, શિક્ષણક્ષેત્રે રાજકારણનો પ્રવેશ અનર્થકારી છે.

અંતમાં કવિવર ટાગોરની 'Heaven of freedom' ની પંક્તિ યાદ કરવી ઉચિત ગણાશે.

"Let my Country awake into that
heaven of freedom,
Where the mind is without fear,
Where education is free !

- ઠાકર જયના

# વાર્ષિક અહેવાલ

- દરજી અભિષેક (જી.એસ.)

ગુજરાતી જેવી લીલીછમ ભાષામાં હરિયાળીપૂર્વક આપ સૌ પર સ્વાગતનો અભિષેક કરીને મારા અહેવાલની સવાર પાડું છું.

મિત્રો જેના નામના ડંકા દસે દિશાઓમાં વાગતા હોઈ તેવી એ.જી.ટીચર્સ કૉલેજમાં પ્રવેશ મળતાની સાથે જ જાણે કે અખંડ ચિન્મય સ્વપ્રકાશ આનંદની અનુભૂતિ થઈ. બાલમંદિરથી બી.એ. સુધીની સફર કરતા બી.એડ્.ના જુદા જ અનુભવને અમે માણ્યો. વિદ્યાના આરાધ્યદેવી સરસ્વતી માતાની સામે માથું ઝુકાવ્યું અને પોતાની જાતને 'એજિયન' તરીકે ઓળખાવીને માથું ઊંચક્યું પણ છે. વ્યક્તિમાં વિદ્યાર્થી તો જીવતો જ હોય અને તેમાં શિક્ષકની વાવણી કરવાની પ્રક્રિયા કરતી સંસ્થા એટલે એ.જી.ટીચર્સ કૉલેજ. મિત્રો વર્ષ દરમિયાન થતી અનેક પ્રવૃત્તિઓથી એ.જી.નું આંગણું ગુંજ્યું છે અને આ ગુંજારવને જુદી જુદી ધારાઓમાં વિભાજિત કરવામાં આવ્યો છે. નૉલેજ કમિશન ઑફ ગુજરાત દ્વારા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ અર્થે 'સપ્તધારા'ની રચના થઈ અને આ સપ્તધારા હેઠળ આવરી લેવામાં આવેલી ધારાઓ અંતર્ગત કૉલેજમાં અને કૉલેજ બહાર થયેલી પ્રવૃત્તિઓની ઝાંખી ધારા મુજબ આપની સમક્ષ રજૂ કરું છું.

● ***જ્ઞાનધારા :*** વર્ષની શરૂઆતમાં ગુરૂપૂર્ણિમાના પર્વની ઉજવણી ધામધૂમથી થઈ જેમાં 'વર્તમાન સમયમાં શિક્ષક સામેના પડકારો' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં ઠાકર જયના અને જીગ્નેશ જાદવ વિજેતા બન્યા. એ પછી વિશ્વબંધુત્વ દિવસે સ્વામી વિવેકાનંદ કેન્દ્ર ખાતે વિવેકાનંદના જીવન ઝરમર પર નિખિલેશ સ્વામીનું વક્તવ્ય થયું જેમાં એ.જી.ટીચર્સ કૉલેજના વિદ્યાર્થી સહભાગી થયા. તા. ૧૦ ઓક્ટોબર ૨૦૧૧ના રોજ 'અવકાશ વિજ્ઞાન ' વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વક્તા શ્રી તન્મયભાઈએ અવકાશ વિજ્ઞાનની વિષદ જાણકારી આપી. તા. ૨-૧-૨૦૧૨ના રોજ 'ફરતું માનાંક ફરતું કમ્પ્યૂટર' નામે કાર્યક્રમ યોજાયો જેમાં પ્રજ્ઞાચક્ષુ ને છતા અંતરના ચક્ષુથી બાહ્ય જ્ઞાનને પ્રાપ્ત કરનાર વક્તા શ્રી ઈશ્વરભાઈએ ગણિતની તદ્દન અવનવી અને શરળ પધ્ધતિઓ તાલીમાર્થીઓને શીખવી તો યુવાદિન નિમિત્તે સ્વામી વિવેકાનંદ જન્મ શતાબ્દિના અનુસંધાનમાં કૉલેજના આચાર્ય સી.પી.પટેલ સાહેબ સહિત વિદ્યાર્થી યુનિયનના સભ્યો ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરે હાજર રહ્યા હતા. જેમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક અબ્દુલ કલામે વિવેકાનંદના જીવનકાર્ય પર પ્રકાશ પાથર્યો હતો. તા. ૫-૩-૨૦૧૨ના રોજ વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનને ચકાસતી ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. અને એ જ અઠવાડિયામાં 'શિક્ષકની લાયકાત : ટકાવારી કે કૌશલ્ય' વિષય ઉપર જૂથચર્ચા રાખવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ ધારદાર દલિલો કરીને બંને બાબતોને યોગ્ય ઠેરવી હતી.

● ***ગીત-સંગીત-નૃત્યધારા :*** તા. ૬ જુલાઈના રોજ લોક સંસ્કૃતિને વાચા આપતા રંગકસુંબલ ડાયરાનું આયોજન થયું હતું. રજૂઆત કરીને કચ્છ અને સૌરાષ્ટ્રની યાદ અપાવી સૌને ડોલાવ્યા હતા. તા. ૧૨મી ઓગસ્ટના રોજ દેશભક્તિના ગીત અને નૃત્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અનેક તાલીમાર્થીઓએ સુમધુર કંઠે ગીતો ગાઈ અને નૃત્ય કરીને કૉલેજના વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધું હતું. તો ૩જી ઓક્ટોબરે નવરાત્રિ મહોત્સવ યોજાયો જેમાં ઢોલીડાના તાલે, સૂરની શરણાઈએ, પગની મૃદુની ઠેકે, હોદ્દાના હિલોળે આખીય એ.જી.ટીચર્સ કૉલેજ ઝુમી ઊઠી. એ પછી તા. ૧૬-૧૨-૨૦૧૧ના રોજ ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો જેના સંધાનમાં શ્રી અરવિંદભાઈએ, મુકેશ, રફી જેવા મહાન ગાયકોનો અવાજ પોતાના કંઠેથી રેલ્યો તો તેમની સાથે આવેલા અનિલભાઈએ ફિલ્મના ડાયલોગ અને શેરો શાયરીથી મુશાયરો ખડો કરી દીધો હતો. આમ, ગીત-સંગીતથી ગુંજતી એ.જી.ટીચર્સ જાણે સાત સુરોનું સરનામું બની ગઈ હતી.

● ***સામાજિક ધારા :*** આ ધારા અંતર્ગત વર્ષારંભે 'શિવામ્બુ ચિકિત્સા' અને 'એક્યુપ્રેશર' અંગે કે. મુગટલાલ

થાનકીનું વક્તવ્ય ગોઠવાયું હતું. જેમાં તેમણે શિવામ્બુ ચિકિત્સાથી થતા ફાયદા અને એક્યુપ્રેશરથી રોગો સામે મેળવાતા રક્ષણની માહિતી આપી હતી. એ પછી તા. ૫-૧૦-૨૦૧૧ના રોજ નશાબંધી સપ્તાહ નિમિત્તે 'નશાબંધી'નો કાર્યક્રમ થયો જેમાં મુખ્ય વક્તા પુરણભાઈ મહેતાએ છટાદાર વક્તવ્ય આપ્યું. અને નશો ન કરવાના વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. મિત્રો, આજના સમયમાં જ્યારે ગીતા જેવો પવિત્ર ગ્રંથ ભૂલાતો જાય છે ત્યારે તા. ૨૬-૧૨-૨૦૧૧ના રોજ 'જીવનમાં ગીતાની ઉપયોગિતા વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. તે દ્વારા વક્તા શ્રી શશિનભાઈએ ગીતાને જીવનની માર્ગદર્શિકા બનાવીને જીવનને કર્મ દ્વારા પાવન કરવાની અપિલ કરી હતી. તા. ૨૯-૧૨-૨૦૧૧ના રોજ કૉલેજમાંથી પ્રવાસ યોજાયો હતો. એ દિવસે સૌ પ્રકૃતિની ગોદમાં આવેલી અને કુદરતી સૌંદર્યથી છલકતી પોળોની નગરીમાં પહોંચીને પ્રકૃતિને સૌએ મન ભરીને પીધી હતી. ૨૦૧૨ના આરંભમાં યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન દ્વારા રાજેન્દ્રભાઈ શુક્લનું કાયદા વિષયક વ્યાખ્યાન ગોઠવાયું. તે થકી ફિક્સ પગારની સાંકળમાંથી છોડાવનાર આ મહાન ક્રાંતિકારી વકીલ રાજેન્દ્રભાઈએ કાયદા વિષયક વિષદ જ્ઞાન તાલીમાર્થીઓને પૂરું પાડ્યું હતું.

● ***નાટ્યધારા :*** સ્વાતંત્ર્યદિનની ઉજવણીના ભાગ રૂપે નાટક અને માઈમનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશની શિરોવેદનાશમી સમસ્યાઓને નાટકમાં અસરકારક રીતે રજૂ કરવામાં આવી હતી. નાટકનું દિગ્દર્શન અને સંચાલન પ્રિયંકા શ્રીવાસ્તવે કર્યું હતું. એ પછી ભારતમાતાની આંખમાં ભાલાની અણીની જેમ ભોંકાતા સવાલ ભ્રષ્ટાચારને દર્શાવતું માઈમ રજૂ થયું હતું. તો વર્ષને અંતે રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ટાગોર લિખિત 'ડિટેક્ટીવ કોણ ?' અને 'ગુનેગાર કોણ ?' બંને નાટકો ભજવાયા હતા.

● ***સર્જનાત્મક ધારા :*** તા. ૧૧-૮-૨૦૧૧ના રોજ IIPM ના કાર્યકરો દ્વારા ભ્રષ્ટાચાર વિરુધ્ધ સૂત્રલેખનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં કૉલેજની તાલીમાર્થી વનિયર ગોમથીનો પ્રથમ નંબર આવ્યો હતો. એ પછી વર્ષને અંતે ગઝલપઠન એટલે કે મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતુંફ જેમાં ગઝલને તેની આગવી તરાહથી વિદ્યાર્થીઓએ રજૂ કરી હતી.

● ***રંગ-કલા-કૌશલ્યધારા :*** તા. ૬-૩-૨૦૧૨ના રોજ મહેંદી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થિનીઓએ ભાતભાતની ડિઝાઈન હાથ પર મૂકીને પોતાની કલા ઉપસાવી હતી.

● ***યોગ અને ખેલકૂદધારા :*** તા. ૨૮ અને ૨૯-૨-૨૦૧૨ના રોજ ૨ દિવસ સુધી રમતોત્સવ ઉજવાયો જેમાં સંગીત ખુરશી, દોરડાકૂદ, ખો-ખો, ૧૦ મીટર દોડ, લીંબુ ચમચી, ક્રિકેટ, સોનાનો રૂમાલ, વૉલિબોલ, ટાયરપાસ, ચેસ જેવી રમતો યોજાઈ જેમાં કૉલેજના તમામ તાલીમાર્થીઓએ સહભાગી થઈને પોતાની યુવા પ્રતિભાનો પરચો પૂરો પાડ્યો હતો.

આમ, આખુય વર્ષ શિક્ષણથી સજ્જ, તાલીમથી અને પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. કૉલેજમાં આવનારા વર્ષોમાં પણ આના કરતા પણ વધારે પ્રવૃત્તિઓ થાય અને કોલેજ વધારે પ્રગતિનો પંથ કાપે એવી આશા સેવું છું.

મિત્રો, વટ તો ઘણાનો પડતો હોય છે પણ પ્રભાવ બહુ ઓછાનો પડતો હોય છે. પણ અહીં જેના વટ અને પ્રભાવ બહુ ઓછાનો પડતો હોય છે. પણ અહીં જેના વટ અને પ્રભાવ બંને પડે છે એવા આપણા પ્રોફેસર્સના આપણા ઘડતરમાં આપેલ ફાળા બદલ એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. કૉલેજના પ્યુન અને ક્લાર્કગણે પણ અમને અમારા કાર્યમાં ખૂબ મદદ કરી છે માટે એમનો પણ આભાર માનું છું.

મિત્રો, આજે બી.એડ્.ની ડિગ્રી પ્રાપ્ત કરવાનો આનંદ અને મિત્રોથી છૂટા પડવાની અધુરપ અને જીવનના કોઈ પણ સમયે ફરી મળવાની મધુરપને વહેંચતા વહેંચતા જવું છે તો આ પ્રસંગે શૂન્ય પાલનપુરીનો એક શેર તમારી સમક્ષ રજૂ કરીને મારી વાતને વિરામ આપુ.

'જીવનમાં આમ જો કે પ્રલોભનો અનેક છે,
જળમાં કમળની જેમ વિકસવાની ટેક છે.
આંખો ભરીને બેઠી છે દરબાર દર્દનો
દિલમાં સૌની યાદનો રાજ્યાભિષેક છે.'



ઉદ્દિશા



ઉદ્દિશા



મહેંદી સ્પર્ધા



મહેંદી સ્પર્ધા




નશાબંધિ કાર્યક્રમ




'ચાલો કોલેજ' અભિયાન પ્રસંગે બોલતા
શ્રી દવે સાહેબ




વિશ્વબંધુત્વ દિવસ




ભ્રષ્ટાચાર વિરુધ્ધ સૂત્રલેખન




સાંસ્કૃતિક કાર્યક્રમ




સાંસ્કૃતિક કાર્યક્રમ




સાંસ્કૃતિક કાર્યક્રમ




સાંસ્કૃતિક કાર્યક્રમ


A.G.TEACHERS COLLEGE
2011-12